| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૦૨/૦૮/૨૦૦૮ |
| કેસ નોધ્યા તારીખ | ૦૨/૦૮/૨૦૦૮ |
| કેસ નિર્ણય તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| અવધિ | વર્ષઃ , મા. ,દિ. |

**આંક :**

**૧. ફોર્મ – એ.**

| |
|---|
| **મહે.ખેડાના અધિક ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ખેડા, તા.જિ.ખેડા.**<br>**Present : N.C.Jadhav**<br>**Additional Chief Judicial Magistrate, Kheda.** |
| જજમેન્ટ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬<br>**ફોજદારી કેસ નં.૬૧/૨૦૧૮**<br>મહેમદાવાદ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૦/૨૦૦૭ |
| **ફરીયાદી** :– શ્રી આર.એલ.શાહ,<br>ઉ.વ. પુખ્ત, ધંધો : નોકરી,<br>રહે. મામલતદાર કચેરી, મહેમદાવાદ. |
| ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ.ડી.ભોઈ |
| **આરોપી** :– **(૧) ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની,**<br>ઉ.વ.૪૦, ધંધો. નોકરી,<br>રહે. મહેમદાવાદ, આસુતોષ સોસાયટી<br>હાલ રહે. મ.નં.૨૪૭, અંબિકા કોમ્પલેક્ષ, તા.જી.ખેડા.<br>**(૨) યોગેશભાઈ હરગોવિંદભાઈ જોષી,**<br>ઉ.વ.૪૭, ધંધો. વેપાર,<br>રહે. ૭૯ અંબિકા ટેનામેન્ટ, ઈસનપુર, અમદાવાદ. |
| આરોપી નં.૧ તરફે વિ.વ.શ્રી આર.એમ.સરૈયા તથા આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રી બી.ટી.પટેલ |

**૨. ફોર્મ – બી.**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૨૫/૦૮/૧૯૯૫ થી<br>તા.૧૭/૦૭/૨૦૦૬ |

| | |
|---|---|
| એફ.આઈ.આર.નોંધ્યા તારીખ | ૨૫/૦૫/૨૦૦૭ |
| ચાર્જશીટ તારીખ | ૦૨/૦૮/૨૦૦૮ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ / પ્લી રેકર્ડ કર્યા તારીખ | ૦૩/૦૨/૨૦૧૦ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યા તારીખ | ૦૪/૦૨/૨૦૧૯ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | ૧૮/૦૨/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | ૦૭/૦૩/૨૦૨૬ |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે? | શું દોષી / નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલસમય ગાળો સી.આર.પી.સી.૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની | ૨૨/૦૮/૨૦૦૭ | ૨૦/૦૯/૨૦૦૭ | ઈ.પી.કો. કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦, ૧૨૦ બી | દોષી | ૫ વર્ષની કેદ અને રૂપીયા દસ હજાર પુરાનો દંડ | નીલ |
| ૨ | યોગેશભાઈ હરગોવિંદભાઈ જોષી | ૨૭/૦૯/૨૦૦૭ | ૨૭/૦૯/૨૦૦૭ | ઈ.પી.કો. કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૨૦ બી | દોષી | ૫ વર્ષની કેદ અને રૂપીયા દસ હજાર પુરાનો દંડ | નીલ |

**૩. ફોર્મ – સી.**

**<u>ફરીયાદપક્ષ / બચાવપક્ષ / કોર્ટના સાક્ષીની વિગત :</u>**

## (એ) ફરીયાદપક્ષના સાક્ષી.

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | પંચ અશોકભાઈ ચંદુલાલ પરમાર | **આંક–૬૩** |

| | | |
|---|---|---|
| ૨ | ફરીયાદી રશ્મિકાંત લાલભાઈ શાહ | **આંક–૭૭** |
| ૩ | પંચ સાહેદ જયંતીભાઈ રાવજીભાઈ વાઘેલા | **આંક–૯૧** |
| ૪ | પંચ સાહેદ દિનેશભાઈ છોટાલાલ બારોટ | **આંક–૯૩** |
| ૫ | સાહેદ પ્રવીણભાઈ શકરાભાઈ ભોઈ | **આંક–૯૮** |
| ૬ | સાહેદ પ્રવીણભાઈ ફુલાભાઈ પટેલ | **આંક–૯૯** |
| ૭ | સાહેદ પ્રદ્યુમનસિંહ કેશવલાલ જાની | **આંક–૧૦૦** |
| ૮ | સાહેદ રણજીતસિંહ તેજાજી વાઘેલા | **આંક–૧૦૧** |
| ૯ | સાહેદ કલ્પનાબેન કેશવલાલ જાની | **આંક–૧૦૨** |
| ૧૦ | સાહેદ વાસુદેવભાઈ કેશવલાલ જાની | **આંક–૧૦૮** |
| ૧૧ | સાહેદ કનુભાઈ સોમાભાઈ પ્રજાપતિ | **આંક–૧૦૯** |
| ૧૨ | સાહેદ ભદ્રેશકુમાર સેવંતીલાલ શાહ | **આંક–૧૩૧** |
| ૧૩ | ત.ક.અ. ભુપેન્દ્રસિંહ રણજીતસિંહ ચૌહાણ | **આંક–૧૩૯** |
| ૧૪ | ત.ક.અ. નિશાંત ધનજીભાઈ સોલંકી | **આંક–૧૪૦** |
| ૧૫ | ત.ક.અ. ભાસ્કર સુર્યકાંતભાઈ વ્યાસ | **આંક–૧૪૧** |

**(બી) બચાવપક્ષના સાક્ષી.**

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| નીલ | નીલ | નીલ |

**(સી) કોર્ટ સાક્ષી.**

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ૧ | નીલ | નીલ |

**<u>ફરીયાદપક્ષ / બચાવપક્ષ / કોર્ટ તરફે રેકર્ડ પર આવેલ દસ્તાવેજની વિગત :</u>**

**(એ) ફરીયાદપક્ષના દસ્તાવેજ**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | **આંક–૬૪** | પંચનામું |
| ૨ | **આંક–૬૫** | પંચનામું. |

| | | |
|---|---|---|
| ૩ | **આંક–૭૪** | પંચનામું |
| ૪ | **આંક–૭૮** | અરજદાર રણજીતસિંહ પી. વાઘેલા ધ્વારા મામલતદાર મહેમદાવાદને આરોપી ધ્વારા ખોટા ખેડુત સર્ટીફીકેટ કરી જમીન રાખવા બાબતનો પત્ર. |
| ૫ | **આંક–૮૭** | બ્લોક/સર્વે નં.૫૯૧ ના ૭/૧૨ ની નકલ. |
| ૬ | **આંક–૮૮** | ગામ નમુના નં.૬ હકકપત્રક ફેરફાર નોંધ નં.૪ ૮૨૩ ની નકલ. |
| ૭ | **આંક–૮૯** | ફરીયાદ કરવાનો હુકમ. |
| ૮ | **આંક–૯૨** | સહીના નમુનાનું પંચનામું. |
| ૯ | **આંક–૯૪** | ૭/૧૨ ના ઉતારાનું પંચનામું. |
| ૧૦ | **આંક–૯૫** | બ્લોક/સર્વે નં.૫૯૧ ના ૭/૧૨ ની નકલ. |
| ૧૧ | **આંક–૧૧૮** | આરોપી નં.ર નાએ તલાટી કમમંત્રીને લખેલ અરજી. |
| ૧૨ | **આંક–૧૧૯** | મામલતદાર મહેમદાવાદનો દાખલો. |
| ૧૩ | **આંક–૧૨૦** | ગામ નમુના નં.૬ ના ફેરફાર નોંધ નં.૯૦૭ |
| ૧૪ | **આંક–૧૨૧** | બ્લોક/સર્વે નં.૫૯૧/અ ના ૭/૧૨ ની નકલ. |
| ૧૫ | **આંક–૧૨૪** | અસલ રોજમેળ. |
| ૧૬ | **આંક–૧૨૫** | ગામ નમુના નં.૬ હકક પત્રક ફેરફાર નોંધ નં.૧ ની નકલ. |
| ૧૮ | **આંક–૧૨૬** | સર્વે નં.૪૪૮/૪ તથા ૪૫૫ નું એકત્રીકરણ દર્શાવતું પત્રક. |
| ૧૯ | **આંક–૧૨૭** | બ્લોક નં.૬૫૩ ના ૭/૧૨ ના ઉતારાની નકલ. |
| ૨૦ | **આંક–૧૨૮** | બ્લોક નં.૫૯૧ ના ૭/૧૨ ના ઉતારાની નકલ. |
| ૨૧ | **આંક–૧૩૨** | પોલીસ અધિક્ષક ધ્વારા એફ.એસ.એલ.માં મોકલેલ પત્ર. |
| ૨૨ | **આંક–૧૩૩** | ત.ક.અ. ધ્વારા પોલીસ અધિક્ષકને મોકલવામાં આવેલ દસ્તાવેજ તપાસણી થવા હેન્ડ રાઈટીગ એકસપર્ટને મોકલવાનો પત્ર. |

| | | |
|---|---|---|
| ૨૩ | **આંક–૧૩૪** | સહીના નમુના નંગ–૬ તથા ગામ નમુના નં .૭/૧૨ નંગ–૬ કચેરીનો પત્ર. |
| ૨૪ | **આંક–૧૩૫** | એફ.એસ.એલ. રીપોર્ટ. |
| ૨૫ | **આંક–૧૩૬** | એફ.એસ.એલ. કચેરી તરફથી મોકલવામાં આવેલ એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર. |
| ૨૬ | **આંક–૧૩૭** | એફ.એસ.એલ. અધિકારીનો અભિપ્રાય. |
| ૨૭ | **આંક–૧૪૨** | ત.ક.અ. ધ્વારા પોલીસ અધિક્ષક ખેડા–નડીઆદને મોકલવામાં આવેલ દસ્તાવેજ તપાસણી તથા દસ્તાવેજ તપાસણી થવા હેન્ડ રાઈટીગ એકસપર્ટને મોકલેલ પત્ર ચેકલીસ્ટ સાથે. |

## (બી) બચાવપક્ષના દસ્તાવેજ

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | આંક–૧૪૫ | આર.ટી.એસ. અપીલ નં.૧૯૫/૨૦૨૨ ની નકલ |
| ૨ | આંક–૧૪૬ | કો.મુ.નં.૫૭/૨૦૦૭ દાવા અરજી તથા હુકમનામું તથા કરાર દાદની નકલ. |

## (સી) કોર્ટ દસ્તાવેજ

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | નીલ | નીલ |

**<u>–:: ઠરાવ ::–</u>**

૪. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપી નં. ૧ નાઓ રીછોલ ગામે ત.ક.મંત્રી તરીકે ફરજ બજાવતા હોય તે દરમ્યાન આરોપી નં.૨ રીછોલ ગામે બ્લોક નં.૫૯૧ અ વાળી જમીનના માલિક/કબજેદાર નહી હોય તેમ છતા બંને આરોપીઓએ એકબીજાની મેળાપીપણાથી ગુનાહિત કાવતરું રચી આરોપી નં.૨ ને ખેડુત પ્રમાણપત્ર મેળવવા સારું આરોપી નં.૧

નાએ રીંછોલ ગામના બ્લોક નં.૫૯૧ અ વાળી જમીન જે સાહેદ નં.૯ ની માલિકીની આવેલ હોય જેમા સહભાગીદાર તરીકે આરોપી નં.૨ નું નામ જણાવી મહેસુલી રેકર્ડથી તદ્દન ખોટી ૭/૧૨ ની નકલ તા.૨૫/૦૮/૯૫ ના રોજ આપી જે નકલ ખોટી બનાવટી હોવાનું આરોપીઓ પોતે જાણતા હોવા છતા જેનો ખરા તરીકે ઉપયોગ કરી મામલતદાર કચેરી મહેમદાવાદમાં રજુ કરી આરોપી નં.૨ નાએ મામલતદાર કચેરી મહેમદાવાદના નં.૩/૯૬ તા.૩૦/૦૧/૯૬ થી પોતાના ખેડુત પ્રમાણપત્ર મેળવવા આરોપી નં.૨ નાએ નૈનપુર ગામની ખેતીની જમીન બ્લોક નં.૫૧૩ વાળી જમીન નૈનપુર ગામના હકકપત્ર ફેરફાર નોંધ નં.૯૦૭ તા.૧૭/૦૭/૦૬ થી પોતાના નામે કરાવી આરોપીઓએ ગુનાહિત કાવતરું રચી ખોટા દસ્તાવેજો ઉભા કરી જેનો ખરા તરીકે ઉપયોગ કરી, ઈ.પી.કો.કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૨૦ બી મુજબનો ગુનો આચરેલ હોય, મહેમદાવાદ પો.સ્ટે. પી.એસ.ઓ. ધ્વારા પો.સ્ટે. ફ.ગુ.ર. નં.૧૧૦/૨૦૦૭ થી ગુનો નોંધવામાં આવેલ છે અને સદર ગુનાની તપાસ ત.ક.અ.ને સોંપતા ત.ક.અ.એ તપાસના અં તે આરોપીઓ વિરૂઘ્ધ ઉપરોકત પુરાવો પડતા અત્રેની અદાલતમાં **ઈ.પી.કો.કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧, ૪૨૦,૧૨૦ બી** મુજબના ગુનાનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ હેઠળ ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

## ૫. <u>કોર્ટ કાર્યવાહી.</u>

સદર કામે ચાર્જશીટ દાખલ થતા આરોપીઓ વિરૂઘ્ધ કોગ્નીઝન્સ લઈ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ અને આરોપી હાજર થતા આરોપીઓને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ આપવામાં આવેલ છે અને આરોપીઓ વિરૂઘ્ધ **આંક–૪** થી તહોમતનામું ફરમાવી **આંક–૫ થી આંક–૬** થી પ્લી નોંધવામાં આવેલ પ્લી નોં ધતા આરોપીઓએ ગુનો કબુલ ન રાખતા સદર કામ ફરીયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

૬. સદરહું કેસનો ફરીયાદપક્ષે પુરાવો ઘ્યાને લેતા આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધતા તેમના સામેના પુરાવાનો ઈન્કાર કરી બચાવમાં સાહેદો તપાસવા હોવાનું જણાવી દસ્તાવેજી પુરાવા રજુ કરવા હોવાનું જણાવતા આ કામે આરોપીપક્ષે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. આ કામમાં સાહેદ હરીશભાઈ નરોતમભાઈ પરમારનો મરણનો દાખલો આંક–૧૫૧ થી રેકર્ડ પર છે તથા અબ્દુલકાદર નનામીયા સૈયદનો મરણનો દાખલો આંક–૧૫૨ થી રેકર્ડ પર છે તથા મિસ્ત્રી અરવિંદભાઈ ડાહયાભાઈનો મરણનો દાખલો આંક–૧૦૬ થી રેકર્ડ પર છે તથા જશવંતભાઈ છોટાલાલ પટેલનો મરણનો દાખલો આંક–૧૧૨ થી રેકર્ડ પર છે.

## ૭. <u>દલીલો.</u>

૭.૧ આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

## ૮. <u>મુદ્દાઓ.</u>

સદરહું કેસમાં રજુ થયેલ પુરાવો ઘ્યાને લેતા આરોપીઓ સામેના ગુનાનું તહોમત ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧**

શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ નાઓ રીછોલ ગામે ત.ક.મંત્રી તરીકે ફરજ બજાવતા હોય તે દરમ્યાન આરોપી નં.ર રીછોલ ગામે બ્લોક નં.૫૯૧ અ વાળી જમીનના માલિક/કબજેદાર નહી હોય તેમ છતા બંને આરોપીઓએ એકબીજાની મેળાપીપણાથી ગુનાહિત કાવતરું રચી આરોપી નં.ર ને ખેડુત પ્રમાણપત્ર મેળવવા સારું આરોપી નં.૧ નાએ રીછોલ ગામના બ્લોક નં.૫૯૧ અ વાળી જમીન જે સાહેદ નં.૯ ની માલિકીની આવેલ હોય જેમા સહભાગીદાર તરીકે આરોપી નં.ર નું નામ જણાવી મહેસુલી રેકર્ડથી તદ્દન ખોટી ૭/૧૨ ની નકલ તા.૨૫/૦૮/૯૫ ના રોજ

આપી જે નકલ ખોટી બનાવટી હોવાનું આરોપીઓ પોતે જાણતા હોવા છતા જેનો ખરા તરીકે ઉપયોગ કરી મામલતદાર કચેરી મહેમદાવાદમાં રજુ કરી આરોપી નં.૨ નાએ મામલતદાર કચેરી મહેમદાવાદના નં.૩/૯૬ તા.૩૦/૦૧/૯૬ થી પોતાના ખેડુત પ્રમાણપત્ર મેળવવા આરોપી નં.૨ નાએ નૈનપુર ગામની ખેતીની જમીન બ્લોક નં.૫૧૩ વાળી જમીન નૈનપુર ગામના હકકપત્ર ફેરફાર નોંધ નં.૯૦૭ તા.૧૭/૦૭/૦૬ થી પોતાના નામે કરાવી આરોપીઓએ ગુનાહિત કાવતરું રચી ખોટા દસ્તાવેજો ઉભા કરી જેનો ખરા તરીકે ઉપયોગ કરી, ઈ.પી.કો.કલમ–**૪૬૫, ૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૨૦ બી** મુજબનો ગુનો આચરેલ છે ?

**મુદ્દા નં.૨**

શું હુકમ ?

૯. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ અંશતઃ હકારમાં.**

**મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.**

**૧૦.** ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**૧૧.** આરોપીઓ સામે મુકવામાં આવેલ **ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૨૦ બી** મુજબનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**૧૨.** આ કામમાં **આંક–૬૩ થી પંચ અશોકભાઈ ચંદુલાલ પરમાર**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, મને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખુ છું. આ સહી મે કેટલા વર્ષ અગાઉ કરેલ તે યાદ નથી પરંતું પો.સ્ટે. માં કરેલ શી બાબતે કરેલ તે મને યાદ નથી. બંને પંચનામાને અનુક્રમે રજુ દાખલ

આંક–૬૪ અને આંક–૬૫. સદર પંચ ફરીયાદપક્ષના કેસને સમર્થન ન કરતા તેઓને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ વિગતવાર ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. સદર પંચની બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છેકે પોલીસે મારી તૈયાર પંચનામામાં સહી કરેલ અને સહી કર્યા સીવાય હું કંઈ જાણતો નથી.

૧૩. આ કામમાં **આંક–૭૭ થી ફરીયાદી રશ્મિકાંત લાલભાઈ શાહ**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૦૬ માં હું મામલતદાર મહેમદાવાદ નોકરી કરતો હતો ત્યારે એક પત્રકાર નામે રણદીપસિંહ વાઘેલાની અરજી આવેલ હતી અને તેમા યોગેશભાઈ જોશીએ પોતે બિનખેડુત હોવા છતા મહેમદાવાદ તાલુકાના નેનપુર ગામે ખેતીની જમીન ખરીદ કરેલ છે તેવી જાણ કરેલ હતી અને આ અરજી આર.ટી.આઈ. એકટ હેઠળ કરેલ હતી તેવુ અરજીમાં જણાવેલ હતુ તે અરજી અંગે નેનપુર ગામે યોગેશભાઈ જોશી કઈ રીતે ખેડુત ખાતેદાર ઠરાયા તેની તપાસ કરતા તેઓએ હકકપત્રક નોંધ નં.૯૦૭ મુજબ ખેતીની જમીન ખરીદેલ હતી. આ નોંધ અંગેના કાગળો તપાસતા તેમા મામલતદારશ્રી મહેમદાવાદ ધ્વારા સને ૧૯૯૬ મા યોગેશભાઈને નિયત નમુનામાં પ્રમાણપત્ર અપાયાનું ધ્યાને આવેલ તે પ્રમાણપત્રમાં શ્રી યોગેશભાઈ જોશી મહેમદાવાદ તાલુકાના રીંછોલ ગામે બ્લોક નં.૫૯૧/૧ વાળી ખેતીની જમીન ધારણકર્તા હોવાનુ જણાવેલ હતું. પ્રમાણપત્ર આધારે રીંછોલ ગામે મહેસુલ રેકર્ડ તપાસતા બ્લોક નં.૫૯૧/૧ વાળી જમીનમાં ૭/૧૨ મા યોગેશભાઈ જોશીનું નામ ન હતું. પ્રમાણપત્ર સાથેના કાગળોમાં રીંછોલ ગામની બ્લોક નં.૫૯૧ વાળી જમીનની તલાટીશ્રી રીંછોલ ધ્વારા અપાયેલ ૭/૧૨ ની નકલમાં શ્રી યોગેશભાઈ જોશીનું નામ હકકપત્રક ફેરફાર નોંધ

નં.૪૮૨૩ થી દાખલ થયેલ હોવાનું દર્શાવેલ હતુ. રીછોલ ગામના અસલ હકકપત્રકની ફેરફાર નોંધ નં.૪૮૨૩ માં શ્રી યોગેશભાઈ જોશીનું નામ ન હતું તેથી આ તમામ કાગળો સાથે મે કલેકટરશ્રી ખેડાને અહેવાલ મોકલી પોલીસ ફરીયાદ દાખલ કરવા માટેની મંજુરી માંગેલ હતી જે મંજુરી મળેથી પો.સ્ટે. મહેમદાવાદ જરૂરી કાગળો સાથે પોલીસ ફરીયાદ દાખલ કરેલ. મને પત્રકમાં રણજીતસિંહ વાઘેલાની અરજી બતાવવામા આવે છે જે જોઈને કહું છુ કે તે અરજી મામલતદાર કચેરીમાં તા.૦૮/૦૬/૦૬ ના રોજ રજુ થયેલ છે જે અસલ રજુ દાખલ આંક–૭૮. મે રણજીતસિંહ વાઘેલાની અરજીના આધારે મહેમદાવાદ તાલુકાના નેનપુર ગામે મહેસુલી રેકર્ડની તપાસ કરતા યોગેશભાઈ રણછોડભાઈ જોશી હકકપત્રક ફેરફાર નોંધ નં.૯૦૭ થી ખેડુત ખાતેદાર ખેતીની જમીન ખરીદીને બનેલ હતા. હકકપત્રક ફેરફાર નોંધ નં.૯૦૭ ના સંબંધિત કાગળો તપાસતા તેઓને મામલતદારશ્રી મહેમદાવાદ ધ્વારા તા.૩૦/૦૧/૯૬ ના રોજ ખેડુત પ્રમાણપત્ર આપવામાં આવેલ હતું જેમા તેઓએ એટલે કે યોગેશભાઈ જોશી મહેમદાવાદ તાલુકાના રીછોલ ગામે સર્વે નં.૫૯૧ તથા ૬૫૩ વાળી જમીન ધારણકર્તા હોવાનું જણાવેલ છે જેથી મે રીછોલ ગામના મહેસુલી રેકર્ડની તપાસણી કરતા સર્વે નં.૫૯૧ તથા ૬૫૩ માં આરોપી યોગેશભાઈ જોશીનુ નામ દાખલ થયેલ ન હતું જે તે સમયના ૭/૧૨ ના ઉતારામાં તેઓનું નામ દાખલ થયેલ ન હતું જેની ખરી નકલ હું આજરોજ મારી સાથે લાવેલ છુ જે પૈકી બ્લોક નં.૫૯૧ ના ગામ નમુના નં.૭/૧૨ ની ખરી નકલ રજુ કરુ છું જે રજુ દાખલ આંક–૮૭. આજરોજ હું ગામ નમુના નં.૬ ના હકકપત્રકની ફેરફાર નોંધ નં.૪૮૨૩ ની ખરી નકલ રજુ કરુ છું જે રજુ દાખલ આંક–૮૮. ઉપરોકત આંક–૮૭, આંક–૮૮ માં આરોપી યોગેશભાઈ જોશીનું નામ દાખલ થયેલ નથી જેથી આ તમામ પુરાવા તથા ખેડુત પ્રમાણપત્રની નકલ તથા મોજે નેનપુર ગામના હકકપત્રક ફેરફાર નોંધ નં.૯૦૭ ના સંબંધિત કાગળો કલેકટરશ્રી ખેડા જીલ્લા નડીઆદને મોકલી આપેલ જેના આધારે કલેકટરશ્રી ખેડા જીલ્લા નડીઆદ ધ્વારા

તા.૦૬/૦૩/૦૭ ના હુકમથી પોલીસ કાર્યવાહી કરવા માટે અમોને અધિકૃત કરવા હુકમ કરેલ હતો જે આધારે પો.સ.ઈ.શ્રી મહેમદાવાદને લેખિત પોલીસ ફરીયાદ કરેલ હતી જે સાથે સંબંધિત કાગળ મોકલી આપેલ હતા જે અસલ ફરીયાદ રજુ દાખલ આંક–૮૯. ઉપરોકત ફરીયાદ સાથે દસ્તાવેજો મે પોલીસને મોકલેલા તે પૈકી (૧) આરોપી યોગેશભાઈ જોશીને આપેલ ખેડુત પ્રમાણપત્રની નકલ, (૨) તલાટીશ્રી રીંછોલ ધ્વારા આપવામાં આવેલ ૫૯૧–અ ના ૭/૧૨ ના ઉતારાની નકલ તેમા આરોપી યોગેશભાઈ જોશીનું નામ ઉમેરવામા આવેલ છે. (૩) મોજે નેનપુર સર્વે નં.૫૧૩ ની જમીનમાં વેચાણ દસ્તાવેજના આધારે તેઓનું નામ ખાતે ચઢાવવા તલાટીશ્રી નેનપુરને આપેલ અરજીની નકલ, (૪) સદર અરજીના આધારે મહેમદાવાદ તાલુકાના નેનપુર ગામે હકકપત્રક દાખલ થઈને મંજુર થયેલ ફેરફાર નોંધ નં.૯૦૭ ની નકલ રજુ કરુ છું જેને અનુક્રમે નિ.૮૯/૧ થી નિ.૮૯/૪ આપવામાં આવે છે.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, મે મહેમદાવાદ મામલતદાર તરીકે સને ૨૦૦૫ થી ૨૦૦૭ દરમ્યાન ફરજ બજાવેલ. એ વાત ખરી નથી કે મહેમદાવાદ તાલુકાના તમામ ગામોમાં રેવન્યુ રેકર્ડ મારા કંટ્રોલમાં રહે નહી. એ વાત ખરી છે કે હું ગમે તે ગામના તલાટી પાસેથી રેવન્યુ રેકર્ડ મંગાવીને તપાસી શકું. એ વાત ખરી નથી કે તા.૦૬/૧૦/૦૬ ના રોજ રણજીતસિંહ તેજાજી વાઘેલાએ મારી સમક્ષ અરજી કરેલ. એ વાત ખરી છે કે તેઓએ ખેડા કલેકટર સમક્ષ અરજી કરેલ. એવાત ખરી છે કે સદર અરજદારની આર.ટી.આઈ.ની અરજીનો જવાબ આપવાનો આદેશ કલેકટરશ્રીએ મને કરેલ. એ વાત ખરી છે કે મે સદર અરજદારને તા.૨૧/૧૧/૦૬ ના રોજ પત્ર પાઠવેલ. એ વાત ખરી છે કે કલેકટર સાહેબ સમક્ષ રજુ થયેલ આર.ટી.આઈ.ની અરજીમાં રીંછોલ ગામના સર્વે બ્લોક નં.૫૯૧ વાળી મિલકતમાં રણજીતસિંહ વાઘેલાનું કોઈ હિત ન હતું. એ વાત ખરી છે કે કલેકટર સાહેબ સમક્ષ રજુ થયેલ

આર.ટી.આઈ.ની અરજીમાં મોજે ગામ નેનપુર સર્વે નંબરોની નોંધ કરવામાં આવેલ. એ વાત ખરી છેકે મોજે ગામ નેનપુરના સર્વે નં.૫૧૩ હે.૦૧–૮૦–૦૯ વાળી મિલકત વેચાણ દસ્તાવેજથી કબજે થયેલ હતી. એ વાત ખરી છે કે મોજે ગામ નેનપુરના બ્લોક નં.૫૧૩ વાળી મિલકતના ફેરફાર નોંધ નં.૯૦૭ પ્રમાણિત થયેલ હતી. સોહદ સ્વેચ્છાએ જણાવે છે કે આ નોંધ મંજુર થયેલ છે અને ખાતેદારને વેચાણ થયેલ તેવો શેરો કરેલ છે. આ નોંધ સર્કલ ઓફીસરશ્રી મહેમદાવાદનાઓએ મંજુર કરેલ હતી. એ વાત ખરી છે કે ખાતેદાર એટલે કે ખેતીની જમીન ધારણ કરનાર એવો અર્થ થાય છે. એ વાત ખરી નથી કે કોઈપણ પ્રમાણિત નોંધ કરવી હોય તો મામલતદાર સાહેબ સમક્ષ રજુ કરવામાં આવે છે. એ વાત ખરી નથી કે નોંધને લગતા કોઈપણ કાગળો રજુ કરેલ હોય તે મામલતદાર સમક્ષ રજુ કરવામાં આવે છે. એ વાત ખરી નથી કે સને ૧૯૯૬ ની સાલમાં નોંધ પ્રમાણિત કરવાની સત્તા તલાટી કમમંત્રીની હતી. એ વાત ખરી છે કે કોઈપણ જમીનમાં વારસાઈ તરીકે નામ દાખલ કરવું હોય તો મહેસુલી કાયદા પ્રમાણે કાર્યવાહી કરવી પડે. એ વાત ખરી છે કે જે ગામના સર્વે નંબર હોય તે ગામના તલાટીએ આ બાબતે અરજી આપવી પડે અને તેની સાથે પેઢીનામું આપવુ પડે અને જેટલા લોકો અવસાન પામેલ હોય તેના પ્રમાણપત્ર રજુ કરવા પડે. એ વાત ખરી છે કે ફરીયાદ દાખલ કરતા પહેલા રીછોલ ગામના સર્વે/બ્લોક નં.૫૯૧–અ તથા ૬૫૩ ના રેવન્યુ રેકર્ડની મે ચકાસણી કરેલ. એ વાત મને હાલ યાદ નથી કે સર્વે નં.૫૯૧ માં ૭/૧૨ માં કેટલી કેટલી મિલકત છે તે મે જોયેલ કે કેમ. તા.૨૫/૦૮/૯૫ ના રોજ રીછોલ ગામના સર્વે નં.૫૯૧ તથા ૬૫૩ ની ફેરફાર નોંધ નં.૫૧૭ પાડવામાં આવેલ કે કેમ તે મે જોયેલ નથી. એ વાતની મને ખબર નથી કે સદર નોંધ પાડવા માટે પેઢીનામું, મરણનું પ્રમાણપત્ર વગેરે જરૂરી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ કે કેમ. એ વાત ખરી છે કે સદર નોંધ નં.૫૧૭ ના કોઈ કાગળો મે મારી પોલીસ ફરીયાદ સાથે રજુ

કરેલ નહી. એ વાત ખરી છે કે ત.ક.અ. મારો કોઈ વધારાનો જવાબ લીધેલ નથી.

૧૪. આ કામમાં **આંક–૯૧ થી પંચ જયંતીભાઈ રાવજીભાઈ વાઘેલા**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, તેર–ચૌદ વર્ષ પહેલા પોલીસે મને પંચનામું કરવા સમજ કરતા અમો પંચનામા માટે હાજર રહેલ પો.સ્ટે. માં પી.એસ.આઈ, રાઈટર તથા બે પોલીસ હાજર હતા અને તલાટીએ છ કાગળોમાં છત્રીસ સહીના નમુના આપેલ હતા તે સંદર્ભે પંચનામું કરવા માટે પંચ તરીકે મને હાજર રહેવા જણાવેલ. તલાટીએ મારી રૂબરૂમાં સહી કરેલ હોય તેવુ બનેલ નથી. મને કાગળો બતાવવામાં આવે છે જેમા તલાટીએ સહી કરેલ હતી અને તે નમુનાની સહીઓમા પંચ તરીકે મારી પણ સહી લેવામા આવેલ. ત્યારબાદ પંચનામું કરવામાં આવેલ અને મે પંચનામામા સહી કરેલ. મને અસલ પંચનામું બતાવવામા આવે છે જેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છું જે પંચનામું રજુ દાખલ આંક–૯૨. સદર પંચ ફરીયાદપક્ષના કેસને સમર્થન ન કરતા તેઓને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ વિગતવાર ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. બચાવપક્ષ તરફે ઉલટતપાસ નથી.

૧૫. આ કામમાં **આંક–૯૩ થી પંચ દિનેશભાઈ છોટાલાલ બારોટ**ને તપાસવામા આવેલ છે તેઓ પોતાની સરતપાસમા જણાવે છે કે, આશરે પંદર વર્ષ પહેલા પો.સ્ટે. મા મને પંચમા સહી કરવા બોલાવેલ. ૭/૧૨ ના ઉતારાની નકલનું પંચનામું કરવા માટે પોલીસે મને પંચમા રહેવા સમજ કરેલ. હું પો.સ્ટે. હાજર થયેલ ત્યારે પોલીસના માણસો સીવાય બીજુ કોઈ હાજર ન હતું અને એક ટેબલ ઉપર કાગળ પડેલ હતો તે પોલીસે મને બતાવેલ

જે મે જોયેલ જે ૭/૧૨ ના ઉતારાની નકલ હતી પરંતું કોના ૭/૧૨ ની નકલ હતી તેની મને ખબર નથી. મને નિ.૮૯/૪ બતાવવામા આવે છે જે જોઈને કહું છું આ પ્રકારની નકલ હતી પરંતું મે તેનો સર્વે નંબર કે નામ જે તે સમયે વાંચેલ નહી. સદર નકલ પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ તેનું વિગતવારનુ પંચનામું કરેલ જે પંચનામામા મે સહી કરેલ. મને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમા પંચ નં.૨ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવું છું જે રજુ દાખલ આંક–૯૪. મને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ ૭/૧૨ ની નકલ જે છાપેલા ફોર્મમાં વિગત લખેલ છે તે મુદ્દામાલ સર્વે નં.૫૯૧–અ ના ગામ નમુના નં.૭/૧૨ ના ઉતારાની નકલ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે આ અસલ પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ તે જ છે અને તેમા અમોએ પંચ નં.૨ તરીકે પોલીસની હાજરીમાં સહી કરેલ તે હું ઓળખી બતાવુ છું જેને રજુ દાખલ આંક–૯૫. બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર પંચ જણાવે છે કે એ વાત ખરી નથી કે પંદર વર્ષ પહેલાની વાત હોય તે મને યાદ ના હોય. એ વાત ખરી છે કે તે નકલમાં શું લખેલ તે મને યાદ નથી. એ વાત ખરી છે કે શેનું પંચનામું થયેલ તે હું વાંચ્યા વિના કહી શકું નહી.

૧૬. આ કામમાં **આંક–૯૮ થી પંચ પ્રવીણભાઈ શકરાભાઈ ભોઈ**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૦૭ માં હું રીંછોલ ગ્રામ પંચાયતમાં તલાટી કમમંત્રી તરીકે વધારાનો ચાર્જ સંભાળતો હતો. કેશવ અંબાલાલ જાની કયાના રહેવાસી હતા તેની મને જાત માહિતી નથી પરંતું તેમના વારસદાર તરીકે પ્રદ્યુમન કેશવલાલ જાની, વાસુદેવ કેશવલાલ જાની, જાગૃતિબેન કેશવલાલ જાની, કલ્પના કેશવલાલ જાની, ભાનુમતીબેન કેશવલાલ જાનીનાઓ હતા જે ગામ નમુના નં.૬ ની ફેરફાર નોંધ નં.૪૮૨૩ થી નામ દાખલ થયાની નોંધ છે. આ રજીસ્ટરમાં આરોપી યોગેશભાઈ જોશીનું નામ નથી તેમજ રીંછોલ ગામ સર્વે

નં.૫૯૧/અ ની ૭/૧૨ ના ઉતારાની ઝેરોક્ષ નકલમાં પ્રદ્યુમન કેશવલાલ જોશી તથા મણી અંબાલાલ હરગોવનની વિધવા તથા યોગેશભાઈ હરગોવનનું નામ એન્ટ્રી નં.૪૮૨૩ થી જણાયેલ હોવાનું ૭/૧૨ ની નકલ છે. ઉપરોકત ૭/૧૨ ની નકલ તા.૨૫/૦૮/૯૫ ના રોજ તલાટી કમમંત્રીશ્રીનાએ આપેલ જે રજુ થઈ ગયેલ. મને આંક–૮૭ બતાવવામાં આવે છે જે આ કામે રજુ થયેલ છે તે જ છે. તેમજ ગામ નમુના નં.૬ હકકપત્રકની એન્ટ્રી નં.૪૮૨૩ તા.૨૧ /૦૮/૮૦ ની મામલતદાર કચેરી મહેમદાવાદના સહી સીકકાવાળી નકલ બતાવી જેમા પણ યોગેશભાઈ હરગોવનભાઈનું નામ હતું જેથી તલાટી કમમંત્રી રીંછોલનાઓ તરફથી આપવામાં આવેલ તા.૨૫/૦૮/૯૫ ના રોજની ૭/૧૨ ની નકલ તદ્દન ખોટી આપેલ છે અને ગામ નમુના નં.૬ ના પત્રકમાં સર્વે નં.૪૯૯/૩, ૬૩/૧, ૬૩/૨, ૮૦/૧,૮૦/૨,૯૮ એમ કુલ છ સર્વે નંબરોના એક બ્લોક નંબર આપેલ છે. પોલીસને તપાસના કામે રીંછોલ ગ્રામ પંચાયતનું રોજમેળ સને ૧૯૯૬–૯૭ નું રજુ કરેલ જે પાના નં.૧ થી ૧૦૦ સુધીના છે જેના પાના નં.૧ તા.૦૧/૦૪/૯૬ થી પાના નં.૮૩ તા.૩૧/૦૭/૯૭ તલાટી કમમંત્રી ડી.એસ.સોનીના હસ્તાક્ષરનું છે જે પોલીસે અમારી રૂબરૂમાં પંચનામાની રૂએ કરેલ. મને ઉપરોકત રોજમેળ મુદ્દામાલ કબજે થયેલ તે બતાવવામા આવે છે જે મે પોલીસને તપાસના કામે આપેલ તે જ છે અને ડી.એસ.સોનીના હસ્તાક્ષરમા લખેલ છે અને તેમા જે સહી છે તે તલાટી કમમંત્રી ડી.એસ.સોનીની છે જે સહી હું ઓળખી બતાવુ છું. મને એક મુદ્દામાલ કામે રજુ થયેલ લાલ પુંઠાવાળુ રોજમેળ બતાવવામા ઓ છે જે રોજમેળ સને ૧૯૯૬–૯૭ નું રજુ કરેલ છે જે પાના નં.૧ થી ૧૦૦ સુધીના છે અને પેજ નં.૧ મા તા.૦૧/૦૪/૯૬ થી પેજ નં.૯૩ તા.૩૧/૦૩/૯૭ સુધી તલાટી કમમંત્રી, ડી.એસ.સોનીના હસ્તાક્ષર છે જે અસલ રોજમેળ આજરોજ મને બતાવવામાંઅ ાવે છે તે રોજમેળ પોલીસે અમારા રૂબરૂ કબજે કરેલ જે અસલ રોજમેળ રજુ દાખલ આંક–૧૨૪. આજરોજ મારી સાથે મોજે ગામ રીંછોલ તાલુકો. મહેમદાવાદ જી.ખેડામા

પડેલ ગામ નમુના નં.૬ હકકપત્રકની સર્ટીફાઈડ કોપી રજુ કરુ છુ જે એકત્રીકરણ યોજના અંગે દુરસ્તીપત્રકની નોંધ છે જે અસલ રજુ દાખલ આંક–૧૨૫. તેમજ આજરોજ મારી પાસે ગામના ખાતા એકત્રીકરણ દર્શાવતુ પત્રક ગામ રીંછોલ તા.મહેમદાવાદના વેરીએશન અનુસારનું એકત્રીકરણ તખતાની નકલ રજુ કરુ છું જેના ખાતા નં.૧૯ માં કેશવલાલ અંબાલાલ તથા મણી અંબાલાલ હરગોવનની વિધવા તથા પ્રદ્યુમન કેશવલાલ, વાસુદેવ કેશવલાલ, જાગૃતિબેન કેશવલાલ, કલ્પનાબેન કેશવલાલ, ભાનુમતીબેન કેશવલાલની વિધવાના ખાતે ચાલતી બ્લોક નં.૫૯૧/અ તથા ૬૫૩ જેનો જુનો સર્વે નં.૪૪૮ પૈકી ૪ અને ૪૫૫ છે જે અસલ રજુ દાખલ આંક–૧૨૬. તેમજ આજરોજ મારી પાસે મોજે ગામ રીંછોલ તા.મહેમદાવાદ જી.ખેડાના બ્લોક નં.૬૫૩ ની સને ૧૯૯૪–૯૫ થી ૨૦૦૪–૦૫ સુધીની ૭/૧૨ ની નકલ લાવેલ છું જેમા માલિક કબજેદાર તરીકે પ્રદ્યુમન કેશવલાલ, વાસુદેવ કેશવલાલ, ભાનુમતી કેશવલાલની વિધવા જેઓના નામો ફેરફાર નોંધ નં.૪ ૮૨૩ થી ચઢેલા છે તેમા અન્ય કોઈનું નામ નથી જેના ૭/૧૨ ની સહી સીકકાવાળી નકલ રજુ કરુ છુ જે રજુ દાખલ આંક–૧૨૭ આપવામાં આવે છે તેમજ આજરોજ મારી પાસે મોજે ગામ રીંછોલ તા.મહેમદાવાદ જી.ખેડાના બ્લોક નં.૫૯૧ ની ૧૯૯૪–૯૫ થી સને ૨૦૦૪–૦૫ ની ૭/૧૨ ની નકલ લાવેલ છું જેમા માલિક કબજેદાર પ્રદ્યુમન કેશવલાલ, વાસુદેવ કેશવલાલ, ભાનુમતી કેશવલાલની વિધવા જેઓના નામો ફેરફાર નોંધ નં.૪ ૮૨૩ થી ચઢેલા છે તેમા અન્ય કોઈનું નામ નથી જેની ૭/૧૨ ની સહી સીકકાવાળી નકલ રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક–૧૨૮ આપવામાં આવે છે.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર પંચ જણાવે છે કે, એ ાવત ખરી છેક ે મને બનાવ વિશેની જાત માહિતી નથી. એ વાત ખરી છે કે મે દસ્તાવેજી પુરાવાના આધારે જુબાની આપેલ છે. એ વાત ખરી છે કે મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે તા.૧૧/૦૫/૦૭ ના

રોજ મે રીદ્દોલ ગ્રામ પંચાયતમાં તલાટી કમમંત્રી તરીકે વધારાનો ચાર્જ લીધેલ. એ વાત ખરી છેકે વધારાનો ચાર્જ લીધેલ એટલે અમુક દિવસે જ જવુ પડે. એ વાત ખરી છેકે વધારાનો ચાર્જ લીધા પછી કે લેતા પહેલા રેવન્યુ રેકર્ડના તમામ રજીસ્ટરો ચેક કરીને મે ચાર્જ લીધેલ નહી. એ વાત ખરી છે કે મને આશ્રિત તરીકે નોકરી મળેલ. જયારે મને નોકરી મળી ત્યારે મારી લાયકાત ધોરણ–૧૦ પાસ હતી. એ વાત ખરી છે કે મને નોકરી મળી ત્યારે રેવન્યુ રેકર્ડના કોઈપણ દસ્તાવેજો કે રેકોર્ડ અંગે કોઈપણ પ્રકારની જાત માહિતી ન હતી અને રેવન્યુ રેકર્ડની જાણ પણ ન હતી. કોઈપણ ખેડુત ખાતેદાર અવસાન પામે તો તેના ખેતીના સર્વે નંબરમા નોંધ કરવી હોય તો મરણનો દાખલો, પેઢીનામુ તેમજ બીજા અન્ય કાગળોની જરૂર પડે. એ વાત ખરી છે કે આંક–૧૨૪ વાળો રોજમેળ ત.ક.અ. મારી ફરજના સ્થળે રીદ્દોલ ગામે આવીને લઈ ગયેલ નહી. આજરોજ રજુ કરેલ આંક–૧૨૪ વાળા રોજમેળમાં કયા પાને કઈ એન્ટ્રી કરવામાં આવી છે તેની મને કોઈ જાત માહિતી નથી.

**૧૭.** આ કામમાં **આંક–૯૯ થી સાહેદ પ્રવીણભાઈ ફુલાભાઈ પટેલ**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે સને ૨૦૦૭ માં હું રીદ્દોલ ગ્રામ પંચાયત સરપંચ તરીકે ફરજ બજાવતો હતો અને મારી રીદ્દોલ ગામે ડેરીવાળા વિસ્તારમાં સર્વે નં.૫૯૬ વાળી ખેતીની જમીન આવેલી છે અને મારી બાજુમાં સર્વે નં.૫૯૧ વાળી જમીન રીદ્દોલ ગામના પ્રદ્યુમન કેશવલાલ જાનીની આવેલ છે અને તેઓ તેના કબજેદાર તથા માલિક છે. આ જમીનમાં યોગેશભાઈનાઓએ બોગસ ખેડુત બનીને સદર જમીનના માલિક બનેલા તેવુ મને જે તે વખતે જાણવા મળેલ. તલાટી કમમંત્રી ડી.એસ.સોની તથા અન્યનાઓએ મળીને બોગસ પ્રમાણપત્ર બનાવેલાનું મારા ધ્યાનમાં આવેલ અને તે સંબંધે ગુનો દાખલ થતા સને ૨૦૦૭ માં તલાટી કમમંત્રી તરીકે ફરજ બજાવતા પ્રવીણભાઈ

એસ.ભોઈનાઓને ઈન્કવાયરીના કામે બોલાવેલ અને હું પણ તપાસના કામે તેઓની સાથે મામલતદાર કચેરીએ ગયેલ અને પોલીસને જરૂરી રેકર્ડ રજુ કરેલ. આરોપી નં.૧ ને હું જોયેથી ઓળખુ છુ. આરોપી નં.ર ને ઓળખતો નથી.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે મને અમારા ગામમાં કઈ જમીન કોના નામની છે તે હું કહી શકું નહી. એ વાત ખરી છેક` તકરારી જમીનનો કયારે કોણે ઉપયોગ કરેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે રીછોલ ગામના તમામ રહેવાસીને હું ઓળખું નહી. એ વાત ખરી છે કે મને બનાવ વિશે જાત માહિતી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે બનાવ વિશે પેપરમાં વાંચેલ.

૧૮. આ કામમાં **આંક–૧૦૦ થી સાહેદ પ્રદ્યુમનસિંહ કેશવલાલ જાની**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, હું રીછોલ ગામે રહુ છું અને ખેતીવાડી કરી મારું ગુજરાન ચલાવુ છું. મારે બે ભાઈઓ તથા બે બહેનો છે. મારા નાનાભાઈનું નામ વાસુદેવભાઈ કેશવલાલ જાની તેઓ સુરત મુકામે રહે છે. અમારી ખેતીની જમીન રીછોલની સીમમા આવેલ છે. મારી પત્નીનું નામ ધર્મિષ્ઠાબેન તથા મારી માતાનું નામ ભાનુમતીબેન હતુ જે મરણ પામેલ છે. અમારી વડીલોપાર્જીત ખેતીની જમીનનો વહીવટ હું કરું છું જે દસ વીઘા આવેલી છે જેનો બ્લોક તથા સર્વે નંબર હાલ મને યાદ નથી પરંતું ઢેબાવાળું ખેતરના નામથી ઓળખાય છે જે આશરે પાંચેક વીઘા છે તેમજ બીજી જમીન સવા સીમ વિસ્તારમા આવેલ છે જે સાડા ત્રણ વીઘા છે અને બીજી જમીન વાડીયાવાળું ખેતર કુભારીયા બાજુ છે જે આશરે દોઢેક વીઘા જેટલી છે. સવા વિસ્તારમાં મારા ખેતરની બાજુમાં ભીખાભાઈ છોટાભાઈનું ખેતર આવેલ છે જે ખેતર મે રાખેલ હતું તેનો બ્લોક નંબર હાલ મને યાદ નથી. અમારી ખેતીની જમીન મારા

બાપુજીના ગુજરી ગયા બાદ મારી માતા ભાનુમતીબેન કેશવલાલ જાનીના નામે તથા મારા તથા મારા ભાઈના નામે હતી અને ૭/૧૨ ના ઉતારામા ભાનુમતીબેન કેશવલાલ જાની, પ્રદ્યુમન કેશવલાલ જાની તથા વાસુદેવ કેશવલાલ જાનીના નામો ચાલતા હતા મારી બંને બેનોના નામો કમી કરાવેલ હતા. આ સીવાય બીજા કોઈના નામો ઉપરોકત ખેતીની જમીનમાં હતા કે કેમ તેની મને ખબર નથી કે અમોએ કોઈને વેચાણ પણ આપેલ નથી. મને આંક–૮૭ વાળો બ્લોક સર્વે નં.૫૯૧, ૭/૧૨ નો ઉતારો બતાવવામા આવે છે જેમા ભાનુમતીબેન કેશવલાલ અંબાલાલ તથા અમારા ભાઈઓના નામ છે જેની નોંધ ૪૮૨૩ પડેલ છે. આ જમીન અમે કોઈને વેચાણ કે ગીરો આપેલ નથી. યોગેશભાઈને હું મારા સગા થતા હોય ઓળખું છું તેમનો આ જમીનમાં કોઈ હકક હિસ્સો છે કે કેમ તેની મને ખબર નથી. આરોપી યોગેશભાઈને હું ઓળખુ છું જે આજરોજ નામ. કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, યોગેશભાઈ મારા ફોઈના દીકરા થાય છે. એ વાત ખરી છે કે પોલીસને મે કોઈ જવાબ લખાવેલ નથી.

૧૯. આ કામમાં **આંક–૧૨૦ થી સાહેદ રણજીતસિંહ તેજાજી વાઘેલા**ને તપાસવામા આવેલ છે તેઓ પોતાની સરતપાસમા જણાવે છે કે સને ૨૦૦૭ માં હું રાહુ પાક્ષીકના તંત્રી કામ કરતો હતો. યોગેશભાઈ જોશીને નામથી ઓળખું છું. મને આંક–૭૮ વાળી અરજી બતાવવામાં આવે છે જેમા અરજદાર તરીકે મારી સહી છે જે સહી ઓળખી બતાવુ છું. જે અરજી મે તા.૦૮/૦૬/૦૬ ના રોજ મામલતદાર કચેરી મહેમદાવાદ ખાતે આર.ટી.આઈ. અંગે યોગેશભાઈ જોશીનાઓ નેનપુર ગામે સારથી ફોર્મમાં ખેતી ધરાવે છે તો તેઓ કયા ગામના ખેડુત છે અને કયા ગામના ખેડુતનું સર્ટીફીકેટ રજુ કરેલ છે તે જાણવા માટે અરજી કરેલ તે સંદર્ભે મને મહેમદાવાદ મામલતદાર કચેરી ખાતેથી લેખિતમા જાણ કરવામાં આવેલ.

યોગેશભાઈ હરગોવનભાઈ જોશીને રીછોલ ગામમાં ખેડુત ખાતેદાર બનેલ છે તેવુ જણાવેલ. ત્યારબાદ મે આ બાબતે કલેકટર કચેરી નડીઆદ ખાતે અપીલ કરેલ તપાસ થયા બાદ આ કામના આરોપી યોગેશભાઈ તેમજ અન્ય કર્મચારીઓ વિરૂઘ્ધ ફરીયાદ દાખલ થયેલ તેની મને જાણ થયેલ. પોલીસે મારો જવાબ લીધેલ. હું મોહીતભાઈ પટેલને ઓળખુ છું. મોહીતભાઈની જમીન યોગેશભાઈના સસરા બાબુલાલભાઈ કંસારાનાઓએ રાખેલ હતી અને તેના વહીવટદાર યોગેશભાઈનાઓ હતા. મોહીતભાઈએ યોગેશભાઈના સસરા બાબુલાલ કંસારાનાઓ વિરૂઘ્ધ કલેકટર કચેરીમાં અરજીઓ કરેલ અને તે બાબતે વહીવટદાર તરીકે યોગેશભાઈ અને મોહીતભાઈ વચ્ચે કોઈ બાબતે સમાધાન થયેલ જેમા મોહીતભાઈના પુત્રને લંડન મોકલવા માટે યોગેશભાઈ જોશીએ મદદ કરેલ. યોગેશભાઈએ નેનપુર ખાતે પણ જમીન રાખેલ હતી જે જમીનનું નામ સારથી ફાર્મ હતું. યોગેશભાઈએ ખોટુ ખેડુત સર્ટીફીકેટ મેળવેલ અને આ સર્ટી તેમણે રીછોલ ગામમાં કોઈ ખેડુત બ્રાહમણની જમીનમા પોતે વારસદાર છે તેવુ જણાવી ખોટુ ખેડુત સર્ટી મેળવેલ તેવુ જાણવા મળેલ.

બચાવપક્ષ ઘ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે પોલીસને જે માહિતી આપેલ તેનુ મને અંગત જ્ઞાન નથી પરંતું માહિતી કલેકટરે મને આપેલ. એ વાત ખરી છે કે આ કેસના બનાવ સમયે હું યોગેશભાઈને જોયેથી ઓળખતો ન હતો પરંતું નામથી ઓળખતો હતો. એ વાત ખરી છેકે મે જે આર.ટી.આઈ.ની અરજી કરેલી તે માહિતી મેળવીને કરેલી તે અરજીમાં લખેલી વિગતોની મને જાત માહિતી ન હતી. નેનપુરના ખેડુતો હતા અને તે અમારા ગામના ઠાકોર સમાજના સંબંધીઓ થતા હતા જેથી તેઓએ મને વાત કરેલ જેથી મે આંક–૭૮ વાળી અરજી કરેલ. એ વાત ખરી છે કે જે લોકોએ મને વાત કરેલી તેઓ પાસે મે અરજી કરાવેલ નહી. એ વાત ખરી છે કે મને જે ખેડુતોએ વાત કરેલી તેઓના નામ મે આંક–૭૮ ની અરજીમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે

મારે તેઓની સાથે અંગત અદાવત હોવાથી આંક–૭૮ વાળી અરજી કરેલ. એ વાત ખરી છે કે મે જમીન બાબતે જુબાનીમાં જણાવેલ છે તે જમીનમાં મારે કશું લેવા દેવા નથી. એ વાત ખરી નથી કે અમોએ ખોટી અરજી કરેલ છે.

૨૦. આ કામમાં **આંક–૧૦૨ થી સાહેદ કલ્પનાબેન કેશવલાલ જાની**ને તપાસવામા આવેલ છે તેઓ પોતાની સરતપાસમા જણાવે છે કે મારું પિયર રીછોલ ગામે થાય છે મારા બાપુજીનું નામ કેશવલાલ અંબાલાલ જાની છે અને મારા માતાનું નામ ભાનુબેન કેશવલાલ જાની છે. મારે બે ભાઈ તથા એક બેન છે. મારા મોટા ભાઈનું નામ પ્રદ્યુમનભાઈ કેશવલાલ જાની છે અને મારા નાના ભાઈનું નામ વાસુદેવ કેશવલાલ જાની છે અને બેનનું નામ જાગૃતિબેન છે. મારા બાપુજીની ખેતીની જમીન રીછોલ ગામે આવેલ છે જે જમીન અમારા મોટા ભાઈ પ્રદ્યુમન કેશવલાલ જાનીના નામે છે. સદર જમીનમાં અમો બે બહેનોએ અમારા નામ જમીનમાંથી કમી કરાવેલા અને મારા નાના ભાઈ વાસુદેવભાઈએ સદર જમીનનો ભાગ મોટા ભાઈને વેચાણ આપી દીધેલ. આમ આ જમીન મારા મોટાભાઈના નામે થયેલ. હું યોગેશભાઈ જોશીને ઓળખતી નથી. મારા ભાઈએ સદર જમીન કોઈને વેચાણ કે ગીરો આપેલ નથી. આ જમીન મારા બાપુજીના મરણ બાદ મારા ભાઈના નામે કરવામાં આવી છે. મારા ભાઈ સીવાય બીજા કોઈના નામ તેમા દાખલ થયેલ નથી. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ વિગતવાર ઉલટતપાસમા પણ તેઓ ફરીયાદપક્ષાન કેસને સમર્થન કરતા નથી. સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, હું ધોરણ–૭ સુધી ભણેલ છું. એ વાત ખરી છે કે સરકારી દફતરની ફેરફાર એન્ટ્રી બાબતે મને કોઈ જ્ઞાન નથી. એ વાત ખરી છે કે મારા લગ્ન બાદ હું સાસરે ગયેલ ત્યારબાદ જમીનમાંથી અમારા નામ

નીકળી ગયેલા. એ વાત ખરી છે કે ત્યારબાદ તે જમીનોમા નામોમા ફેરફાર થયા હોય તે બાબતે મને ખબર નથી.

૨૧. આ કામમાં **આંક–૧૦૮ થી સાહેદ વાસુદેવ કેશવલાલ જાની**ને તપાસવામા આવેલ છે તેઓ પોતાની સરતપાસમા જણાવે છે કે હું હાલ સુરત રહુ છું અને મારુ મુળ વતન રીંછોલ ગામ છે અને મારે બે ભાઈ તથા બે બહેનો છે. અમારા મુળ વતન રીંછોલ ગામમાં વડીલોપાર્જીત મિલકત હતી. આ વડીલોપાર્જીત મિલકત જે અમારા મોટા ભાઈ પ્રદ્યુમનભાઈ સંભાળતા જેનો સર્વે નંબર મને યાદ નથી. આ જમીન પહેલા મારા પિતાજીના નામે હતી અને મારા પિતાજી ગુજરી ગયા બાદ આ જમીનનો વહીવટ મારા મોટા ભાઈ કરતા હતા. યોગેશભાઈ હરગોવનભાઈ જોશીને હું ઓળખુ છું અને મારા માતા કહેતા હતા કે આ ફોઈના દીકરા થાય છે. આ યોગેશભાઈ હરગોવનભાઈનો અમારી મિલકતમાં કોઈ લાગભાગ હોય તે હું જાણતો નથી. મારા પિતાના અમો મારા ભાઈ પ્રદ્યુમનભાઈ અને મારા બેન કલ્પનાબેન અને જાગૃતિબેન છે. આ સીવાય અમારા પિતાજીના કોઈ વારસદાર નથી. મારા પિતાજીની મિલકતમાં કોઈ કેસ થયેલ હોય તેની મને જાણ નથી.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી.

૨૨. આ કામમાં **આંક–૧૦૯ થી સાહેદ કનુભાઈ સોમાભાઈ પ્રજાપતિ**ને તપસાવામા આવેલ છે તેઓ પોતાની સરતપાસમા જણાવે છે કે, મારુ મુળ વતન નેનપુર છે અને ત્યારબાદ હું આશરે ૧૫ વર્ષ પહેલા મહેમદાવાદમાં મારા પરીવાર સાથે રહેતો હતો અને રેલ્વેમા ટેકનીકલ ખાતામાં નોકરી કરતો હતો. મારા પિતાજી સોમાભાઈ પરષોતમભાઈ પ્રજાપતિ છે તેઓ પણ રેલ્વેમાં નોકરી કરતા હતા અને અમારા પિતાના

નામની જમીન નેનપુર ગામમાં બે ત્રણ વીઘા જમીન હતી અમે તેમા ખેતી કરતા હતા. અમારા મોટાભાઈ મણીભાઈ સોમાભાઈ, ઈશ્વરભાઈ સોમાભાઈ સૌથી નાનો હું અને આ અમારી વડીલોપાર્જીત જમીનમાં ઈંટો પાડવાનો ધંધો કરતા હતા. આ જમીન અમારા પિતા ગુજરી ગયા બાદ અમારા નામે થયેલ. આ ઈંટો અમદાવાદ બીલ્ડરને વેચતા હતા જે બીલ્ડરનું નામ યોગેશભાઈ હરગોવનભાઈ જોશી આ ઈંટો વેચાણ આપતા હતા. અમારી જમીનની બાજુમાં છગનભાઈ પરમારનાઓની નેનપુર ગામમાં વેરા ઉપરની જમીન આવેલ જેનો રેવન્યુ સર્વે નં.૫૧૩ હતો. આ જમીન અમોએ વેચાણ રાખવી હતી તે વખતે અમારે પૈસાની કમી હોવાથી અમોએ યોગેશભાઈ હરગોવનભાઈ જોશી તથા બાલકૃષ્ણ કાગડાનાઓએ સંયુકત રીતે સને ૧૯૯૫ માં વેચાણ રાખેલ અને આ વેચાણ દસ્તાવેજ મહેમદાવાદ કરાવેલ અને અમોએ નામ બદલવા માટે મામલતદાર મહેમદાવાદમાં ફેરફાર નોંધ પડાવેલ જે ફેરફાર નોંધ હાલ મને યાદ નથી અને આ ફેરફાર નોંધ કયારે પડાવેલ તે પણ યાદ નથી. આ જમીન આશરે રૂ.૧,૫૩,૦૦૦/– માં વેચાણ રાખેલ અને આ જમીન વેચાણ રાખ્યા બાદ આ જમીન અમારા નામે ચઢી ગયેલ અને આ જમીન અમો ગોરધનભાઈ મંગળભાઈ પરમારનાઓને ભાગે વાવવા માટે આપતા હતા. આ જમીન હું નોકરી કરતો હોય આ જમીન ચેતનભાઈ જે બાલકૃષ્ણભાઈના દીકરા થતા હોય તેઓને વહીવટ કરવા આપેલ. મારી જોડે વેચાણ રાખનાર યોગેશભાઈ સામે કોઈ કેસ થયેલ હોય તેની મને ખબર નથી. અમોએ જે નેનપુરમાં સંયુકત મિલકત રાખેલ તે નામે ચઢાવવા માટે ૭/૧૨ ની નકલ અને નેનપુરની જમીનના પુરાવા આપેલ અને યોગેશભાઈએ આ વખતે તેઓની જમીનના પુરાવા આપેલ અને બાલકૃષ્ણભાઈએ તેમની વટવા ગામની જમીનના પુરાવા આપેલ અને યોગેશભાઈએ રીંછોલ ગામમા તેઓની જમીનના પુરાવા આપેલ જે પુરાવામાં શું હતું તે હાલ મને યાદ નથી.

યોગેશભાઈ જોશીને હું જોયે ઓળખું છું. બચાવપક્ષનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

૨૩. આ કામમાં **આંક–૧૩૧ થી સાહેદ ભદ્રેશકુમાર સેવંતીલાલ શાહ**ને તપાસવામા આવેલ છે તેઓ પોતાની સરતપાસમા જણાવે છે કે, મે હેન્ડરાઈટીગ એન્ડ ફોટોગ્રાફી બ્યુરો ડાયરેકટરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ ગાંધીનગર ખાતે આસી. એકઝામીનર ઓફ કવેશ્ચન ડોકયુમેન્ટરી તરીકે ૨૫ વર્ષથી ફરજ બજાવેલ ત્યારબાદ ડેપ્યુટી ચીફ સ્ટેક એકઝામીનર ઓફ કવેશ્ચન તરીકે છ વર્ષ ફરજ બજાવેલ છે. મે એસ.એસ.સી., ડી.ડી.ઈ, એલ.એલ.બી. કરેલ છે. મે નવી દિલ્હી ખાતે નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ક્રિમીનોલોજી એન્ડ ફોરેન્સીક સાયન્સમાં ડીપ્લોમા ઈન ડોકયુમેન્ટ એકઝામીનેશનનો કોર્ષ કરેલ છે. આ કોર્ષ દરમ્યાન કેન્દ્ર સરકારની સી.એફ.એસ.એલ. તથા ગવર્નમેન્ટ એકઝામીનર ઓફ કવેશ્ચન ડોકયુમેન્ટ કચેરીઓ જુદા જુદા રાજયોના સ્ટેટ એફ.એસ.એલ. એન્ડ ચીફ એકઝામીનર ઓફ કવેશ્ચન ડોકયુમેન્ટ કચેરીમાં ડોકયુમેન્ટને લગતી ક્રિએલીટીકલ એન્ડ પ્રેકટીકલ તાલીમ મેળવેલ છે. આ કોર્ષ અમોએ સફળતાપુર્વક ઉતીર્ણ કરેલ છે. આ કેસ પોલીસ અધિક્ષકશ્રી ખેડા–નડીઆદના પત્ર ક્રમાંકઃ એલ.સી.બી./દસ્તાવેજ/૧/૮/૦૮ તા.૧૭/૦૧/૦૮ ના પત્ર સાથે મહેમદાવાદ પો.સ્ટે.ના પત્ર જા.નં.૮૮/૦૮ તા.૧૫/૦૧/૦૮ થી રીપોર્ટ સાથે આ કેસના દસ્તાવેજો અમારી કચેરીમાં મળેલ જે અસલ પત્ર તથા રીપોર્ટ તથા ચેકલીસ્ટ જે કુલ ૭ પાનાનું છે જે આ સાથે રજુ કરુ છું. આ અસલ પત્ર રજુ દાખલ આંક–૧૩૨ તથા અસલ રીપોર્ટની યાદી રજુ દાખલ આંક–૧૩૩.

આ રીપોર્ટ સાથે તકરારી દસ્તાવેજ માર્ક–ડી/૧ અને ડી/ર આંક–૯૫ થી રેકર્ડ પર છે જે જોઈને કહુ છું કે તે મે તપાસેલ છે તેમા મારી કચેરીના એબી. કેસ નંબર તથા મારી ટુંકી સહી છે તેમજ નમુનાના દસ્તાવેજો એસ–૧ થી

એસ–૬ અને એસ–૭ થી એસ–૧૨ જે પોલીસ રીપોર્ટ ઉપરથી જે ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોનીની સહીના નમુના અને લખાણોના નમુના છે જે મને બતાવવામા આવે છે જે મે તપાસેલ છે તે તે જ છે તેમા મારી કચેરીના એબી નંબર તથા મારી ટુંકી સહી છે જે સહી રજુ દાખલ આંક–૧૩૪ જે કુલ ૧૨ પાનાના છે તથા કુદરતી લખાણ અને સહીઓવાળા રોકડ રોજમેળ કે જે ધર્મેન્દ્રકુમાર સોનીના કુદરતી સહીઓ અને કુદરતી લખાણવાળું રોજમેળ જે આંક–૧૨૪ થી રજુ છે જે અસલ રોજમેળ મને બતાવવામાં આવે છે જે મે તપાસેલ છે તેમા માર્ક–એન/૧ થી એન/૧૨ જેમા મારી કચેરીના એબી નંબર તથા મારી ટુંકી સહી છે જે આ કામે રેકર્ડ પર છે.

ઉપરોકત દસ્તાવેજો તલસ્પર્શ અને વૈજ્ઞાનિક પરીક્ષણ પ્રમાણે હું નીચે પ્રમાણે અભિપ્રાય ઉપર આવેલ છું.

(૧) " લાલ કુંડાળાવાળા તકરારી લખાણો અને સહીઓ માર્ક–બી/૧ અને બી/૨, વાદળી કુંડાળાવાળા સ્ટાન્ડર્ડ લખાણો અને સહીઓ માર્ક–એસ/૧ થી અને એન/૧૨ અને એન/૧ થી એન/૧૨ ના લખનારે લખેલ નથી." આ અભિપ્રાયની અસલ કોપી આ સાથે રજુ કરુ છુ જેમા મારી સહી છે તથા મારા સહ એકઝામીનરશ્રી એચ.એમ.ભોજાણીની સહી છે જે રજુ દાખલ આંક–૧૩૫. ઉપરોકત દસ્તાવેજો તથા અભિપ્રાય મારી કચેરીના પત્ર જા.નં. ડી.એફ.એસ/એચ.પી.બી./એ.બી.૨૬/૦૮/બી.એસ.એસ./૫૮૫/૨૦૦૮ તા.૨૬/૦૩/૦૮ ના પત્ર સહિત પોલીસ અધિક્ષકશ્રી ખેડાને મોકલી આપેલ જેમા મારા નાયબ નિયામકશ્રીની સહી છે જે ઓળખી બતાવું છું જે આ સાથે અસલ ઓફીસ કોપી રજુ દાખલ આંક–૧૩૬. આ સાથે ઉપરોકત અભિપ્રાય ઉપર આવવાના કારણો આ સાથે રજુ કરું છું જે કુલ ૩ પાનામા છે જેમા દરેક પાનામા મારી સહી છે જે ઓળખી બતાવું છું જે રજુ દાખલ આંક–૧૩૭.

બચાવપક્ષ ધ્વારા લેવામા આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે હેન્ડરાઈટીગ સાયન્સ એ કન્કલુઝીવ સાયન્સ

નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હેન્ડ રાઈટીગ સાયન્સ એ ડેવલોપીગ સાયન્સ છે. એ વાત ખરી છેકે જે લખાણો તપાસ્યા તેના લખનારને મે કદી જોયા નથી તેમજ મારી હાજરીમાં લખાણ થયેલ નથી. એ વાતની મને ખબર નથી કે થમ્બ ઈમ્પ્રેશનનું સાયન્સ પરફેકટ છે. એ વાત ખરી છે કે અમોએ થમ્બ ઈમ્પ્રેશનનો કોઈ અભિપ્રાય આપેલ નથી. એ વાત ખરી છે કે હેન્ડ રાઈટીગ સાયન્સ તથા થમ્બ ઈમ્પ્રેશનનું સાયન્સ પેરેલલ છે. એ વાતની મને ખબર નથી કે માત્ર હેન્ડ રાઈટીગ એકસપર્ટના ઓપીનીયનના આધારે કોઈ કેસનો નિર્ણય આવે. એ વાત ખરી નથી કે અમોએ ખોટો અભિપ્રાય આપેલ છે. અમોએ જે દસ્તાવેજોનો અભિપ્રાય આપેલ તે જ વખતે એસ.પી. કચેરીને મોકલી આપેલ. એ વાત ખરી નથી કે હેન્ડ રાઈટીગ એકસપર્ટ એ રેકગ્નાઈઝ યુનીવર્સિટી નથી. એ વાત ખરી નથી કે હેન્ડ રાઈટીગ એકસપર્ટ તરીકે મારી પાસે સ્પેશ્યલાઈઝ ડીગ્રી નથી. અમોએ સરતપાસમાં જે નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ક્રીમીનોલોજી જણાવેલ છે તે સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઈન્સ્ટીટયુટ છે, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે યુનીવર્સિટી નથી. એ વાત ખરી નથી કે હેન્ડ રાઈટીગ એકસપર્ટનો કોર્ષ કોઈ યુનિવર્સિટી આપતી નથી. એ વાત ખરી નથી કે ડોકયુમેન્ટ ઓફ એકઝામીનેશનનો કોર્ષ કોઈ યુનિવર્સિટી આપે છે.

૨૪. આ કામમાં **આંક–૧૩૯ થી ત.ક.અ. ભુપેન્દ્રસિંહ રણજીતસિંહ ચૌહાણ**ને તપાસવામા આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૦૮ માં હું મહેમદાવાદ સીની. પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતો હતો અને તા.૨૬/૦૨/૦૮ ના રોજ અમોએ એ.એસ.આઈ. બી.એસ.વ્યાસ પાસેથી સદર ગુનાની તપાસ અમોએ વાકેફ થઈ તપાસ સંભાળેલ. આ તપાસના કામે રીટાયર્ડ મામલતદાર જશવંતલાલ છોટાલાલ પટેલનું નિવેદન લીધેલ તથા એફ.એસ.એલ.માંથી હેન્ડ રાઈટીગ એકસપર્ટનો અભિપ્રાય મેળવવા યાદી કરેલ અને તા.૦૮/૦૬/૦૮ ના રોજ આરોપીઓ

વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલ. બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

૨૫. આ કામમાં **આંક–૧૪૦ થી ત.ક.અ. નિશાંત ધનજીભાઈ સોલંકી**ને તપાસવામા આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, અમો સને ૨૦૦૬–૦૭ મા સીની. પી.એસ.આઈ. તરીકે મહેમદાવાદ પો.સ્ટે.મા ફરજ બજાવતા હતા ત્યારે મહેમદાવાદ પો.સ્ટે. મહેમદાવાદના મામલતદારશ્રી આર.એલ.શાહનાએ ગુનો દાખલ કરવા માટે એક લેખિત અરજી (આદેશ) આપેલ. મને આંક–૮૯ બતાવવામા આવે છે જે મામલતદારશ્રી આર.એલ.શાહનાએ આપેલ ફરીયાદ સ્વરૂપે અરજી હતી જે અનુસંધાને તત્કાલિન મહેમદાવાદ પી.એસ.ઓ. હે.કો. નટવરસિંહ અમરસિંહનાએ મહેમદાવાદ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૦/૦૭ ઈ.પી.કો.કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ વગેરે મુજબનો ગુનો દાખલ કરી સી.આર.પી.સી. કલમ–૧૫૭ નો રીપોર્ટ કરી આગળની વધુ તપાસ અમોને સોંપતા અમોએ આ ગુનાની તપાસ સંભાળી આ ગુનાના કામે અમોએ જે તે સમયે આરોપી રીછોલ ગામે બ્લોક નં. ૫૯૧ તથા ૬૫૩ વાળી જમીનના ૭/૧૨ ના ઉતારા, હકકપત્રક, ફેરફાર નોંધ નં.૪૮૨૩ ની નકલો તથા નેનપુર ગામના હકકપત્રક ફેરફાર નોંધ નં.૯૦૭ ને લગતા કાગળો કબજે લીધેલ જે એફ.આઈ.આર. નોંધતા પહેલા મામલતદારશ્રીએ તેઓની આપેલ ફરીયાદ રીપોર્ટમાં સામેલ રાખેલ હતા. આ ગુનાના કામે અમોએ રીછોલ ગામના સરપંચશ્રી તથા તલાટીશ્રીની મુલાકાત લઈ પુછપરછ કરેલ. તેમજ આ ગુનાના કામે મુળ અરજદાર રણજીતસિંહ તેજાજી વાઘેલા તંત્રી રાહુ પાક્ષીક, રહે. હાથીજણ, તા.દસક્રોઈનાઓની પુછપરછ કરી નિવેદન લીધેલ તેમજ તેઓએ મામલતદારશ્રીને રજુ કરેલ ખોટા ખેડુત હોવાનું સર્ટી રજુ કરી જમીન રાખવા બાબતની અરજી કરેલ જે અમોએ આ કામે જમા લીધેલ. મને

આંક–૭૮ બતાવવામાં આવે છે જે અરજી રણજીતસિંહ વાઘેલાએ આપેલ અરજી છે જેમા તેઓની સહી છે તે જ છે. અમોએ આ ગુનાના કામે સાહેદ પ્રદ્યુમન કેશવલાલ જાની, પ્રવીણભાઈ ફુલાભાઈ પટેલ, પ્રવીણભાઈ શકરાભાઈ ભોઈ, વાસુદેવ કેશવલાલ જાની, કલ્પનાબેન કેશવલાલ જાની, અરવિંદભાઈ ડાહયાભાઈ મિસ્ત્રી, કનુભાઈ સોમાભાઈ પ્રજાપતિ વગેરેના નિવેદન લીધેલ. આ કામે તત્કાલિન તલાટી કમમંત્રી ડી.એસ.સોનીની અટક કરી અટક પંચનામું કરેલ. મને આંક–૬૪ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જેમા પંચોની તથા રૂબરૂમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છું. મને આરોપી ધર્મેન્દ્રભાઈ સોનીના હસ્તાક્ષરના નમુના પંચો રૂબરૂ પંચનામાની વિગતે તા.૨૩/૦૮/૦૭ ના રોજ મેળવેલા જે નમુનાનું કરેલ પંચનામું આંક–૯૨ થી બતાવવામા આવેલ છે જેમા પંચોએ અમારી રૂબરૂ સહી કરેલ જે ઓળખી બતાવુ છું. ત્યારબાદ અમારી બદલી ખેડા ખાતે થતા આગળની તપાસ અમોએ પી.એસ.આઈ.શ્રી જે.પી.ચાવડાને સોપેલ. સદર ગુનાના કામે અમારી તપાસ દરમ્યાન આરોપી ડી.એસ.સોનીનાઓએ તલાટી કમમંત્રી રીછોલ તરીકે આરોપી યોગેશભાઈ જોશીને પોતે ખેડુત ન હોવા છતા ખેડુત હોવાનું પ્રમાણપત્ર આપી આરોપી નં.૩ એ.ડી.મિસ્ત્રી તત્કાલિન સર્કલ ઓફીસરનાઓએ સદર પ્રમાણપત્રની કોઈપણ જાતની ખરાઈ કર્યા સીવાય પ્રમાણિત કરેલાનું જણાય આવેલ.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે રીછોલ ગામે તલાટી કમમંત્રીશ્રી ધ્વારા રજુ થયેલ ૭/૧૨, ૮–અ, નમુના નં.૬ તથા રોજમેળના ફીઝીકલ વેરીફીકેશન કરેલ. એ વાત મને યાદ નથી કે ફેરફાર નોંધ નં.૫૧૭ અમોએ જોયેલ કે નહી. મને હકકપત્રક ફેરફાર નોંધ નં.૫૧૭ માં ગુજ. અંબાલાલ હરગોવનદાસના સીધી લીટીના વારસદારોના નામે પેઢીનામા તથા અરજી તથા સંમતિ જવાબના આધારે નીચે મુજબના નામ દાખલ કરેલ જેમા (૧) હરગોવનભાઈ તે ત્રિવેણીબેનના દીકરા, (૨) લીલાબેન ત્રિવેણીબેનની

દીકરી, (૩) કિશોરભાઈ, (૪) જીતેન્દ્રભાઈ, (૫) યોગેશભાઈ તે હરગોવનભાઈના પુત્ર ઉપર મુજબના નામો પેઢીનામા આધારે દાખલ કરેલ તથા બીજા સંમતિ જવાબના આધારે અનુ.નં.૧,૨,૩,૪ ના જવાબના આધારે ઈસમોના નામ કમી કરવા અને અનુ. નં.૫ નું નામ દાખલ કરવા નોંધ કરેલ. આ કામે ફરીયાદ ૨૦૦૭ માં દાખલ કરવામાં આવેલ હતી જે પહેલા આ હકકપત્રકની નોંધ થયેલ છે. એ વાત હાલ મને યાદ નથી કે ફેરફાર નોંધ નં. ૫૧૭ ના સંબંધે અરજી, ૧૩૫ ની નોટીસ, પેઢીનામું તથા સંમતિ જવાબ મે માંગેલ કે કેમ. એ વાત ખરી છે કે તત્કાલિન મામલતદારશ્રી આર.એલ.શાહનાએ ફરીયાદ આપતા પહેલા કલેકટરશ્રી ખેડા નડીઆદનાઓએ ફરીયાદ દાખલ કરવા માટે અધિકાર પત્ર આપેલ જેના આધારે મામલતદારશ્રીએ ફરીયાદ દાખલ કરેલ. એ વાત ખરી છે કે યોગેશભાઈ હરગોવનભાઈ જોશીનાએ મોજે રીદ્દોલ તા.મહેમદાવાદ ખાતા નં.૧૯ માં સહ કબજેદારથી ધારણ કરે છે જે તલાટી કમમંત્રીશ્રી મોજે ગામ રીછોલ તા.મહેમદાવાદ તરફથી રજુ કરેલ ગામ નમુના નં.૭/૧૨, હકકપત્રક, ૮–અ ઉપરથી ખાત્રી કરી આ દાખલો આપવામાં આવે છે. જે જા.નં.૩/૧૯૯૬ મામલતદાર કચેરી મહેમદાવાદનાએ તા.૩૦/૦૧/૯૬ ના રોજ સહી સીકકાવાળું પ્રમાણપત્ર ઈસ્યુ કરેલ છે. એ વાત ખરી છે કે રજુ કરવામાં આવેલ ઉપરોકત પ્રમાણપત્ર ફરીયાદ થતા પહેલાનું છે. નામ. સીવીલ કોર્ટમાં દાવા ચાલતા હોય તેવી હકીકત અમારી તપાસ દરમ્યાન ધ્યાને આવેલ નથી. એ વાત ખરી છે કે રેવન્યુ રેકર્ડની જાળવણી કરનાર કર્મચારી/અધિકારી રેવન્યુ રેકર્ડમાં નોંધ કરી શકે છે.

૨૬. આ કામમાં **આંક–૧૪૧ થી ભાસ્કર સુર્યકાંતભાઈ વ્યાસ**ને તપાસવામા આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે સને ૨૦૦૭–૦૮ માં અમો મહેમદાવાદ પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન આ ગુનાની તપાસ અમોને ચાર્જમાં મળતા સદર તપાસ સંભાળી લીધેલ અને મારી

અગાઉના ત.ક.અ. એન.ડી. સોલંકીનાએ આ ગુનાના કામે તકરારી દસ્તાવેજો હસ્તાક્ષરના નમુના તમામ કબજે લીધેલ જે હેન્ડ રાઈટીંગ એક્ષપર્ટમા મોકલવાના બાકી હોય તે નમુના અમોએ પોલીસ અધિક્ષક મારફતે હેન્ડ રાઈટીંગ એક્ષપર્ટને મોકલી આપેલ જે પોલીસ અધિક્ષકશ્રી સાહેબને અમોએ તે નમુના ચેકલીસ્ટથી મોકલેલ તે અસલ ચેકલીસ્ટમાં મારી સહી તથા સીકકો છે જે ઓળખી બતાવુ છું જે ચેકલીસ્ટ રજુ દાખલ આંક–૧૪૨. ત્યારબાદ આ કામના ગુનાના આરોપી યોગેશભાઈ હરગોવનભાઈ જોશીને નામ. હાઈકોર્ટના આગોતરા જામીન મળેલ હોય નામ. હાઈકોર્ટનાં હુકમ મુજબ પો.સ્ટે. અમારી સમક્ષ રજુ થયેલ અને અમોએ તેઓની અટક કરી નામ. હાઈકોર્ટના હુકમ મુજબ જામીનમુકત કરેલ. ત્યારબાદ અમારી બદલી થતા સદર તપાસ બી.આર.ચૌહાણને સોપેલ. હું આરોપી યોગેશભાઈ જોશીને ઓળખુ છુ જે નામ. કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે મે આરોપી નં.૧ ની અટક કરેલ અને સહીના નમુના એફ.એસ.એલ.મા મોકલેલ તે સીવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.

## ૨૭. ફરીયાદપક્ષની દલીલ

આ કામમાં એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે હાલના કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનાહિત કાવતરું રચી ખોટો ખેડુતનો દાખલો મેળવેલ છે અને તે આધારે રેવન્યુ સર્વે નં.૫૧૯ માં આરોપી નં.૨ નું નામ દાખલ કરી ભોગ બનનાર સાથે છેતરપિંડી કરેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે આ કામના બંને આરોપીઓએ ખોટો દસ્તાવેજ બનાવેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે આ કામમાં પંચો તથા સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે. આમ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂઘ્ધનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ છે.

## આરોપી નં.૧ તરફે વિ.વ.શ્રીની દલીલ

૨૮. આરોપી નં.૧ ના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, હાલના કામમાં ફરીયાદપક્ષ ઈ.પી.કો કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૨૦ બી ના આવશ્યક તત્વો રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદીને ફરીયાદ કરવાનો અધિકાર હતો તે હુકમ આ કામે રેકર્ડ પર નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામમાં દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આરોપી નં.૧ ના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામમાં એફ.એસ.એલ. અધિકારીની જુબાની ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામમાં પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આરોપી નં.૧ ના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામમાં આરોપી નં.૧ નાએ સદર ખોટા ૭/૧૨ ના ઉતારા લખેલ હોય તેવુ કોઈ સાહેદે નજરો નજર જોયેલ નથી જેથી ફરીયાદપક્ષ આરોપી નં.૧ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

## આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રીની દલીલ

૨૯. આ કામમાં આરોપી નં.૨ ના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદીને ફરીયાદ કરવાનો અધિકાર હતો તે હુકમ આ કામે રેકર્ડ પર નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામમાં દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આરોપી નં.૨ ના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામમાં એફ.એસ.એલ. અધિકારીની જુબાની ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી નથી. આરોપી નં.૨ ના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, હાલના કામમાં આરોપી નં.૨ કેશવલાલ અંબાલાલ જાનીના વારસદાર હતા અને આરોપી નં.૨ નાએ મહેમદાવાદ કોર્ટમાં રે.દિ.મુ.નં.૫૭/૦૭ થી પ્રદ્યુમન કેશવલાલ જાની અને ભાનુમતી કેશવલાલ જાની સામે દાવો દાખલ કરેલ જેમા હુકમનામું થયેલ જે આરોપીપક્ષને મદદરૂપ થાય છે જે ધ્યાને લેતા સદર ફરીયાદ ટકવાપાત્ર નથી. આરોપી નં.૨ ના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, હાલના કામમાં ફરીયાદીએ ફરીયાદ કરવા માટે તેઓના ઉપલા અધિકારીની પરવાનગી લીધેલ નથી જેથી ફરીયાદપક્ષ આરોપી નં.૨ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ કામના આરોપી નં.૨ ના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામના સાહેદ રણજીતસિંહ વાઘેલા અને મામલતદારશ્રી આર.એલ.શાહનાએ ભેગા મળી ખોટી ફરીયાદ કરેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે સાહેદ કલ્પનાબેન વાસુદેવ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી.

૩૦. હાલના કામનાં આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૭૧, ૪૨૦, ૧૨૦ બી મુજબનો ગુનાનો આક્ષેપ છે. ઈ.પી.કો.કલમ ૪૬૫, ૪૬૭, ૪૭૧ સમજવા માટે સૌપ્રથમ ઈ.પી.કો. કલમ–૪૬૩, ઈ.પી.કો. કલમ–૪૬૪ સમજવી આવશ્યક છે. આ કામમા ઈ.પી.કો.કલમ–૪૨૦ સમજવા માટે સૌપ્રથમ ઈ.પી.કો.કલમ–૪૧૫ સમજવી આવશ્યક છે.

**S.405 Criminal breach of trust**

Whoever, being in any manner entrusted with property, or with any dominion over property, dishonestly misappropriates or converts to his own use that property, or dishonestly uses or disposes of that property in violation of any direction of law prescribing the mode in which such trust is to be discharged, or of any legal contract, express or implied, which he has made touching the discharge of such trust, or wilfully suffers any other person so to do, commits "criminal breach of trust".

**S.408 Criminal breach of trust by clerk or servant**

Whoever, being a clerk or servant or employed as a clerk or servant, and being in any manner entrusted in such capacity with property, or with any dominion over property, commits criminal breach of trust in respect of that properly, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

**SECTION 409 : Criminal breach of trust by public servant, or by banker, merchant or agent**

Whoever, being in any manner entrusted with property, or with any dominion over property in his capacity of a public servant or in the way of his business as a banker, merchant, factor, broker, attorney or agent, commits criminal breach of trust in respect of that property, shall be punished with [imprisonment for life], or with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine.

**S.23 "Wrongful gain"**

**"Wrongful gain"** is gain by unlawful means of property to which the person gaining is not legally entitled.

"**Wrongful loss".**--"Wrongful loss" is the loss by unlawful means of property to which the person losing it is legally entitled.

**Gaining wrongfully, losing wrongfully.** A person is said to gain wrongfully when such person retains wrongfully, as well as when such person acquires wrongfully. A person is said to lose wrongfully when such person is wrongfully kept out of any property, as well as when such person is wrongfully deprived of property.

**S.24 "Dishonestly"**

Whoever does anything with the intention of causing wrongful gain to one person or wrongful

loss to another person, is said to do that thing "dishonestly".

**SECTION 415 : Cheating**

Whoever, by deceiving any person, fraudulently or dishonestly induces the person so deceived to deliver any property to any person, or to consent that any person shall retain any property, or intentionally induces the person so deceived to do or omit to do anything which he would not do or omit if he were not so deceived, and which act or omission causes or is likely to cause damage or harm to that person in body, mind, reputation or property, is said to "cheat".

**SECTION 420 : Cheating and dishonestly inducing delivery of property.**

Whoever cheats and thereby dishonestly induces the person deceived to deliver any property to any person, or to make, alter or destroy the whole or any part of a valuable security, or anything which is signed or sealed, and which is capable of being converted into a valuable security, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

૩૧. હાલના કામનાં આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૭૧ મુજબનો ગુનાનો આક્ષેપ છે. ઉપરોકત

ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૭૧ સમજવા માટે સૌપ્રથમ ઈ.પી.કો. કલમ ૪૬૩, ૪૬૪, ઈ.પી.કો. કલમ ૨૫ અને ઈ.પી.કો. કલમ ૨૯, ઈ.પી.કો.કલમ–૨૯ એ, કલમ–૩૦, કલમ–૪૧૫ સમજવી આવશ્યક છે.

**Section 25 : Fraudulently**

A person is said to do a thing fraudulently if he does that thing with intent to defraud but not otherwise.

**Section 29 : "Document"**

The word "document" denotes any matter expressed or described upon any substance by means of letters, figures, or marks, or by more than one of those means, intended to be used, or which may be used, as evidence of that matter.

**Explanation 1.**-It is immaterial by what means or upon what substance the letters, figures or marks are formed, or whether the evidence is intended for, or may be used in, a Court of Justice, or not.

**Section 29A : Electronic record**

The words "electronic record" shall have the meaning assigned to them in clause (t) of sub-section (1) of section 2 of the Information Technology Act, 2000

**Section 30 : Valuable security**

The words "valuable security" denote a document which is, or purports to be, a document whereby any legal right is created, extended, transferred, restricted, extinguished or released, or where by any person acknowledges that he lies under legal liability, or has not a certain legal right.

**Section 31 : A will**

The words "a will" denote any testamentary document.

**Section 463 : Forgery**

[Whoever makes any false documents or false electronic record or part of a document or electronic record, with intent to cause damage or injury], to the public or to any person, or to support any claim or title, or to cause any person to part with property, or to enter into any express or implied contract, or with intent to commit fraud or that fraud may be committed, commits forgery.

**SECTION 464 : Making a false document**

[A person is said to make a false document or false electronic record-

First-Who dishonestly or fradulently-

(a) makes, signs, seals or executes a document or part of a document;

(b) makes or transmits any electronic record or part of any electronic record;

(c) affixes any [electronic signature] on any electronic record;

(d) makes any mark denoting the execution of a document or the authenticity of the [electronic signature],

with the intention of causing it to be believed that such document or part of document, electronic record or [electronic signature] was made, signed, sealed, executed, transmitted or affixed by or by the authority of a person by whom or by whose authority he knows that it was not made, signed, sealed, executed or affixed; or Secondly-Who, without lawful authority, dishonestly or fraudulently, by cancellation or otherwise, alters a document or an electronic record in any material part thereof, after it has been made, executed or affixed with [electronic signature] either by himself or by any other person, whether such person be living or dead at the time of such alteration; or

Thirdly-Who dishonestly or fraudulently causes any person to sign, seal, execute or alter a document or an electronic record or to affix his [electronic signature] on any electronic record knowing that such person by reason of unsoundness of mind or intoxication cannot, or that by reason of deceptionpractised upon him, he does not know the

contents of the document or electronic record or the nature of the alteration.

**SECTION 465 : Punishment for forgery**

Whoever commits forgery shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both

**Section 471 : Using as genuine a forged document or electronic record**

Whoever fraudulently or dishonestly uses as genuine any [document or electronic record] which he knows or has reason to believe to be a forged [document or electronic record], shall be punished in the same manner as if he had forged such [document or electronic record].

**૩૨.** હું પુરાવા અધિનિયમના સિધ્ધાંતોથી વાકેફ છું કે, જો ફરીયાદપક્ષને એકમાત્ર જુબાની વિશ્વાસપાત્ર અને માનવાપાત્ર હોય તો તે આધારે આરોપીને તકસીવરવાન ઠરાવી શકાય જયારે કોઈપણ વ્યકિત કોર્ટમાં પુરાવો આપવા આવે ત્યારે તે વ્યકિત શહેરની કે ગામની, ભણેલ કે અભણ હોય છે જયારે કોઈપણ વ્યકિત જુબાની આપવા આવે ત્યારે તેની ઉંમર, સમજશકિત આ તમામ બાબતો કોર્ટે ઘ્યાને રાખવી જોઈએ. થોડી માત્રાની હકીકતોનું તફાવતના કારણે ગામડાના વ્યકિતના પુરાવાને ફેંકી શકાય નહી કે નકારી શકાય નહી કારણ કે, શિક્ષીત વ્યકિતની જુબાની તથા ગામડાની વ્યકિતની જુબાનીમાં તફાવત હોય છે જો ગામડાના

વ્યકિતએ તેમની ઉલટતપાસમાં ફરીયાદપક્ષની કોઈ નાની બાબતને સમર્થન આપેલ ન હોય તો ફકત અન ફકત તે ધ્યાને લેતાં આરોપીને નિર્દોષ છોડી શકાય નહી અને તે ગામડાના સાહેદની જુબાનીને નકારી શકાય નહી.

**મુલ્યાંકન**

**૩૩.** આ કામમાં પંચ અશોકભાઈ ચંદુલાલ પરમાર તથા જયંતીભાઈ રાવજીભાઈ વાઘેલા પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. આ કામમાં સાહેદ પ્રવીણભાઈ ફુલાભાઈ પટેલને બનાવની જાણ વાતોવાતથી થયેલ જેથી તેઓની જુબાની ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતી નથી. આ કામમાં સાહેદ કનુભાઈ સોમાભાઈ પ્રજાપતિની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી.

**૩૪.** આ કામમા પંચ દિનેશભાઈ છોટાલાલ બારોટની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ જણાવે છે કે પોલીસે તેઓની હાજરીમાં સર્વે નં.૫૯૧/અ ના ૭/૧૨ ના ઉતારાની નકલ કબજે કરેલ જે તેઓ ઓળખી બતાવે છે અને પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે. બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ તે હકીકતનો ઈનકાર કરે છે કે પંદર વર્ષ પહેલા થયેલ વાત તેઓને યાદ નથી અને નકલમાં શું લખેલ હતું તે તેઓને યાદ નથી. આમ હાલના પંચ તે હકીકતને સમર્થન આપે છે કે સર્વે નં.૫૯૧/અ ના ૭/૧૨ ના ઉતારાની નકલ તેઓ રૂબરૂ કબજે કરવામાં આવેલ.

**૩૫.** આ કામમાં **પંચ પ્રવીણભાઈ શકરાભાઈ ભોઈ**ની જુબાનીનુ મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે, સને ૨૦૦૭ માં તેઓ રીછોલ ગ્રામ પંચાયતમાં તલાટી કમમંત્રી તરીકે વધારાનો ચાર્જ સંભાળતા હતા. સદર સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ જણાવે છે કે કેશવ

અંબાલાલ જાની કયાના રહેવાસી હતા તેની તેઓને જાત માહિતી નથી પરંતું તેમના વારસદાર તરીકે પ્રદ્યુમન કેશવલાલ જાની, વાસુદેવ કેશવલાલ જાની, જાગૃતિબેન કેશવલાલ જાની, કલ્પનાબેન કેશવલાલ જાની, ભાનુમતીબેન કેશવલાલ જાનીનાઓ હતા જે ગામ નમુના નં.૬ ની ફેરફાર નોંધ નં.૪૮૨૩ થી નામ દાખલ થયાની નોંધ થયેલ જે રજીસ્ટરમાં આરોપી નં.ર યોગેશભાઈ જોશીનું નામ નથી તેમજ રીછોલ ગામ સર્વે નં.૫૯૧/અ ની ૭/૧ર ના ઉતારાની ઝેરોક્ષ નકલમાં પ્રદ્યુમન કેશવલાલ જોશી તથા મણી અંબાલાલ હરગોવનની વિધવા તથા યોગેશભાઈ હરગોવનનું નામ એન્ટ્રી નં.૪૮૨૩ થી જણાયેલ હોવાનું ૭/૧ર ની નકલ છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે ઉપરોકત ૭/૧ર ની નકલ તા.૨૫/૦૮/૯૫ ના રોજ તલાટી કમમંત્રીશ્રીનાએ આપેલ જે રજુ થઈ ગયેલ જે આંક–૮૭ થી રેકર્ડ પર છે તે જ છે તેમજ ગામ નમુના નં.૬ હકકપત્રકની એન્ટ્રી નં.૪૮૨૩ તા.૨૧/૦૮/૮૦ ની મામલતદાર કચેરી મહેમદાવાદના સહી સીકકાવાળી નકલ બતાવી જેમા પણ આરોપી નં.ર યોગેશભાઈ હરગોવનભાઈનું નામ હતું જેથી તલાટી કમમંત્રી રીછોલનાઓ તરફથી આપવામાં આવેલ તા.૨૫/૦૮/૯૫ ના રોજની ૭/૧ર ની નકલ તદૃન ખોટી આપેલ છે અને ગામ નમુના નં.૬ ના પત્રકમાં સર્વે નં.૪૯૯/૩, ૬૩/૧, ૬૩/૨, ૮૦/૧,૮૦/૨, ૯૮ એમ કુલ છ સર્વે નંબરોના એક બ્લોક નંબર આપેલ છે. **<u>સદર કામમાં રજુ થયેલ ગામ નમુના નં.૭/૧ર આંક–૮૭ વંચાણે લેતા તેમા આરોપી નં.ર નું નામ નથી.</u>** સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણવો છે કે પોલીસને તપાસના કામે રીછોલ ગ્રામ પંચાયતનું રોજમેળ સને ૧૯૯૬–૯૭ નું રજુ કરેલ જે પાના નં.૧ થી ૧૦૦ સુધીના છે જેના પાના નં.૧ તા.૦૧/૦૪/૯૬ થી પાના નં.૮૩ તા.૩૧/૦૭/૯૭ તલાટી કમમંત્રી આરોપી નં.૧ ડી.એસ.સોનીના હસ્તાક્ષરનું છે જે પોલીસ ે તેઓ રૂબરૂમાં પંચનામાની રૂએ કબજે કરેલ. સદર સાહેદને કબજે થયેલ રોજમેળ બતાવવામા આવે છે જે તેઓ ઓળખી બતાવે છે જે આરોપી નં.૧

ડી.એસ.સોનીના હસ્તાક્ષરમા લખેલ છે અને તેમા જે સહી છે તે તલાટી કમમંત્રી આરોપી નં.૧ ડી.એસ.સોનીની છે જે સહી તેઓ ઓળખી બતાવે છે. વધુમા સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આ કામે આંક–૧૨૪ થી રજુ થયેલ મુદ્દામાલ લાલ પુંઠાવાળુ રોજમેળ સને ૧૯૯૬–૯૭ નું રજુ કરેલ છે જે પાના નં.૧ થી ૧૦૦ સુધીના છે અને પેજ નં.૧ મા તા.૦૧/૦૪/૯૬ થી પેજ નં.૯૩ તા.૩૧/૦૩/૯૭ સુધી તલાટી કમમંત્રી, આરોપી નં.૧ ડી.એસ.સોનીના હસ્તાક્ષર છે જે અસલ રોજમેળ પોલીસે તેઓ રૂબરૂ કબજે કરેલ જે આ કામે આંક–૧૨૪ થી રેકર્ડ પર છે. વધુમા સદર સાહેદ આંક–૧૨૫ થી મોજે ગામ રીંછોલ તાલુકો. મહેમદાવાદ જી.ખેડામા પડેલ ગામ નમુના નં.૬ હકકપત્રકની સર્ટીફાઈડ કોપી રજુ કરુ છુ જે એકત્રીકરણ યોજના અંગે દુરસ્તીપત્રકની નોંધ છે જે રેકર્ડ પર છે તેમજ તેઓ પાસે ગામના ખાતા એકત્રીકરણ દર્શાવતુ પત્રક ગામ રીંછોલ તા.મહેમદાવાદના વેરીએશન અનુસારનું એકત્રીકરણ તખતાની નકલ જેના ખાતા નં.૧૯ માં કેશવલાલ અંબાલાલ તથા મણી અંબાલાલ હરગોવનની વિધવા તથા પ્રદ્યુમન કેશવલાલ, વાસુદેવ કેશવલાલ, જાગૃતિબેન કેશવલાલ, કલ્પનાબેન કેશવલાલ, ભાનુમતીબેન કેશવલાલની વિધવાના ખાતે ચાલતી બ્લોક નં.૫૯૧/અ તથા ૬૫૩ જેનો જુનો સર્વે નં.૪૪ ૮ પૈકી ૪ અને ૪૫૫ છે જે અસલ આંક–૧૨૬ થી રેકર્ડ પર છે. સદર સાહેદ વધુમાં તેઓની જુબાનીમાં જણાવે છે કે તેઓ પાસે મોજે ગામ રીંછોલ તા.મહેમદાવાદ જી.ખેડાના બ્લોક નં.૬૫૩ ની સને ૧૯૯૪–૯૫ થી ૨૦૦૪–૦૫ સુધીની ૭/૧૨ ની નકલ લાવેલ છે જેમા માલિક કબજેદાર તરીકે પ્રદ્યુમન કેશવલાલ, વાસુદેવ કેશવલાલ, ભાનુમતી કેશવલાલની વિધવા જેઓના નામો ફેરફાર નોંધ નં.૪૮૨૩ થી ચઢેલા છે તેમા અન્ય કોઈનું નામ નથી જેના ૭/૧૨ ની સહી સીકકાવાળી નકલ આંક–૧૨૭ થી રેકર્ડ પર છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે ગામ રીંછોલ તા.મહેમદાવાદ જી.ખેડાના બ્લોક નં.૫૯૧ ની ૧૯૯૪–૯૫ થી સને ૨૦૦૪–૦૫ ની ૭/૧૨ ની

નકલ લાવેલ છે જેમા માલિક કબજેદાર પ્રદ્યુમન કેશવલાલ, વાસુદેવ કેશવલાલ, ભાનુમતી કેશવલાલની વિધવા જેઓના નામો ફેરફાર નોંધ નં.૪ ૮૨૩ થી ચઢેલા છે તેમા અન્ય કોઈનું નામ નથી જેની ૭/૧૨ ની સહી સીકકાવાળી નકલ આંક–૧૨૮ થી રેકર્ડ પર છે.

સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા તેઓ પોતાની સરતપાસની હકીકતોને વળગી રહે છે અને કોઈ વિરોધાભાસી હકીકત જણાવતા નથી. બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર પંચ તે હકીકત કબુલ કરે છે કે બનાવ વિશેની જાત માહિતી નથી અને તેઓ દસ્તાવેજી પુરાવાના આધારે જુબાની આપેલ છે. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે તા.૧૧/૦૫/૦૭ ના રોજ તેઓએ રીછોલ ગ્રામ પંચાયતમાં તલાટી કમમંત્રી તરીકે વધારાનો ચાર્જ લીધેલ અને વધારાનો ચાર્જ લીધેલ એટલે અમુક દિવસે જ જવુ પડે. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે વધારાનો ચાર્જ લીધા પછી કે લેતા પહેલા રેવન્યુ રેકર્ડના તમામ રજીસ્ટરો ચેક કરીને તેઓએ ચાર્જ લીધેલ નહી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા જણાવે છે કે કોઈપણ ખેડુત ખાતેદાર અવસાન પામે તો તેના ખેતીના સર્વે નંબરમા નોંધ કરવી હોય તો મરણનો દાખલો, પેઢીનામુ તેમજ બીજા અન્ય કાગળોની જરૂર પડે. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે આંક–૧૨૪ વાળો રોજમેળ ત.ક.અ. તેઓની ફરજના સ્થળે રીછોલ ગામે આવીને લઈ ગયેલ નહી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા જણાવે છે કે આંક–૧૨૪ વાળા રોજમેળમાં કયા પાને કઈ એન્ટ્રી કરવામાં આવી છે તેની તેઓને કોઈ જાત માહિતી નથી.

૩૬. આ કામમાં **ફરીયાદી રશ્મિકાંત લાલભાઈ શાહ**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે, સને ૨૦૦૬ માં તેઓ મામલતદાર

મહેમદાવાદ તરીકે નોકરી કરતા હતા ત્યારે એક પત્રકાર નામે રણજતસિંહ વાઘેલાની અરજી આવેલ હતી અને તેમા આરોપી નં.ર યોગેશભાઈ જોશીએ પોતે બિનખેડુત હોવા છતા મહેમદાવાદ તાલુકાના નેનપુર ગામે ખેતીની જમીન ખરીદ કરેલ છે તેવી જાણ કરેલ હતી અને આ અરજી આર.ટી.આઈ. એકટ હેઠળ કરેલ હતી તેવુ અરજીમાં જણાવેલ હતુ તે અરજી અંગે નેનપુર ગામે આરોપી નં.ર યોગેશભાઈ જોશી કઈ રીતે ખેડુત ખાતેદાર ઠરાયા તેની તપાસ કરતા તેમણે હકકપત્રક નોંધ નં.૯૦૭ મુજબ ખેતીની જમીન ખરીદેલ હતી. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આ નોંધ અંગેના કાગળો તપાસતા તેમા મામલતદારશ્રી મહેમદાવાદ ધ્વારા સને ૧૯૯૬ મા આરોપી નં.ર યોગેશભાઈને નિયત નમુનામાં પ્રમાણપત્ર અપાયાનું ધ્યાને આવેલ તે પ્રમાણપત્રમાં આરોપી નં.ર યોગેશભાઈ જોશી મહેમદાવાદ તાલુકાના રીંછોલ ગામે બ્લોક નં.૫૯૧/૧ વાળી ખેતીની જમીન ધારણકર્તા હોવાનુ જણાવેલ હતું અને પ્રમાણપત્ર આધારે રીંછોલ ગામે મહેસુલ રેકર્ડ તપાસતા બ્લોક નં.૫૯૧/૧ વાળી જમીનમાં ૭/૧ર મા આરોપી નં.ર યોગેશભાઈ જોશીનું નામ હતું નહી અને પ્રમાણપત્ર સાથેના કાગળોમાં રીંછોલ ગામની બ્લોક નં.૫૯૧ વાળી જમીનની તલાટીશ્રી રીંછોલ ધ્વારા અપાયેલ ૭/૧ર ની નકલમાં આરોપી નં.ર યોગેશભાઈ જોશીનું નામ હકકપત્રક ફેરફાર નોંધ નં.૪૮ર૩ થી દાખલ થયેલ હોવાનું દર્શાવેલ હતુ. સદર સાહેદ વધુમાં જણાવે છે કે રીંછોલ ગામના અસલ હકકપત્રકની ફેરફાર નોંધ નં.૪૮ર૩ માં આરોપી નં.ર યોગેશભાઈ જોશીનું નામ હતું નહી તેથી આ તમામ કાગળો સાથે તેઓએ કલેકટરશ્રી ખેડાને અહેવાલ મોકલી પોલીસ ફરીયાદ દાખલ કરવા માટેની મંજુરી માંગેલ હતી જે મંજુરી મળેથી પો.સ્ટે. મહેમદાવાદ જરૂરી કાગળો સાથે પોલીસ ફરીયાદ દાખલ કરેલ જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આ કામે આંક–૮૯ થી રેકર્ડ પર છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમા જણાવે છે કે અરજદાર રણજીતસિંહ વાઘેલાની અરજી તેઓ ઓળખી

બતાવે છે જે અરજી મામલતદાર કચેરીમાં તા.૦૮/૦૬/૦૬ ના રોજ રજુ થયેલ જે આંક–૭૮ થી રેકર્ડ પર છે જે અરજદાર રણજીતસિંહ વાઘેલાની અરજીના આધારે મહેમદાવાદ તાલુકાના નેનપુર ગામે મહેસુલી રેકર્ડની તપાસ કરતા આરોપી નં.૨ યોગેશભાઈ રણછોડભાઈ જોશી હકકપત્રક ફેરફાર નોંધ નં.૯૦૭ થી ખેડુત ખાતેદાર ખેતીની જમીન ખરીદીને બનેલ હતા. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે, હકકપત્રક નોંધ નં.૯૦૭ ના સંબંધિત કાગળો તપાસતા તેમને મામલતદારશ્રી મહેમદાવાદ ધ્વારા તા.૩૦/૦૧/૯૬ ના રોજ ખેડુત પ્રમાણપત્ર આપવામાં આવેલ હતું જેમા તેઓએ એટલે કે આરોપી નં.૨ યોગેશભાઈ જોશી મહેમદાવાદ તાલુકાના રીંછોલ ગામે સર્વે નં.૫૯૧ તથા ૬૫૩ વાળી જમીન ધારણકર્તા હોવાનું જણાવેલ છે જેથી તેઓએ રીંછોલ ગામના મહેસુલી રેકર્ડની તપાસણી કરતા સર્વે નં.૫૯૧ તથા ૬૫૩ માં આરોપી નં.૨ યોગેશભાઈ જોશીનુ નામ દાખલ થયેલ હતું નહી અને જે તે સમયના ૭/૧૨ ના ઉતારામાં તેમનું નામ દાખલ થયેલ ન હતું જે ૭/૧૨ ની ખરી નકલ આંક–૮૭ થી રેકર્ડ પર છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે ગામ નમુના નં.૬ ના હકકપત્રકની ફેરફાર નોંધ નં.૪૮૨૩ ની ખરી નકલ આંક–૮૮ થી રેકર્ડ પર છે અને ઉપરોકત આંક–૮૭ વાળા ૭/૧૨ નો ઉતારો તથા આંક–૮૮ ની ફેરફાર નોંધ નં.૪૮૨૩ માં આરોપી નં.૨ યોગેશભાઈ જોશીનું નામ દાખલ થયેલ નથી જેથી આ તમામ પુરાવા તથા ખેડુત પ્રમાણપત્રની નકલ તથા મોજે નેનપુર ગામના હકકપત્રક ફેરફાર નોંધ નં.૯૦૭ ના સંબંધિત કાગળો કલેકટરશ્રી ખેડા જીલ્લા નડીઆદને મોકલી આપેલ જેના આધારે કલેકટરશ્રી ખેડા જીલ્લા નડીઆદ ધ્વારા તા.૦૬/૦૩/૦૭ ના હુકમથી પોલીસ કાર્યવાહી કરવા માટે તેઓને અધિકૃત કરવા હુકમ કરેલ હતો જે આધારે તેઓએ પો.સ.ઈ.શ્રી મહેમદાવાદને લેખિત પોલીસ ફરીયાદ કરેલ હતી જે સાથે સંબંધિત કાગળ મોકલી આપેલ હતા જે અસલ ફરીયાદમાં તેઓની સહી છે જે આંક–૮૯ થી રેકર્ડ પર છે. વધુમાં સદર સાહેદ તેઓની

જુબાનીમાં જણાવે છે કે તેઓએ પોલીસને દસ્તાવેજો મોકલેલા તે પૈકી આરોપી નં.ર યોગેશભાઈ જોશીને આપેલ ખેડુત પ્રમાણપત્રની નકલ જે આંક–૧૧૯ થી રેકર્ડ પર છે તથા તલાટીશ્રી રીંછોલ ધ્વારા આપવામાં આવેલ પ૯૧–અ ના ૭/૧ર ના ઉતારાની નકલ તેમા આરોપી નં.ર યોગેશભાઈ જોશીનું નામ ઉમેરવામા આવેલ છે જે આંક–૯પ થી રેકર્ડ પર છે તથા મોજે નેનપુર સર્વે નં.પ૧૩ ની જમીનમાં વેચાણ દસ્તાવેજના આધારે તેમનું નામ ખાતે ચઢાવવા તલાટીશ્રી નેનપુરને આપેલ અરજીની નકલ જે આંક–૧૧૮ થી રેકર્ડ પર છે તથા સદર અરજીના આધારે મહેમદાવાદ તાલુકાના નેનપુર ગામે હકકપત્રક દાખલ થઈને મંજુર થયેલ ફેરફાર નોંધ નં.૯૦૭ ની નકલ જે આંક–૧ર૦ થી રેકર્ડ પર છે.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા તેઓ પોતાની સરતપાસની હકીકતોને વળગી રહે છે અને કોઈ વિરોધાભાસી હકીકત જણાવતા નથી. બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, તેઓ મહેમદાવાદ મામલતદાર તરીકે સને ર૦૦પ થી ર૦૦૭ દરમ્યાન ફરજ બજાવેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે મહેમદાવાદ તાલુકાના તમામ ગામોમાં રેવન્યુ રેકર્ડ મારા કંટ્રોલમાં રહે. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે તેઓ મામલતદાર તરીકે ગમે તે ગામના તલાટી પાસેથી રેવન્યુ રેકર્ડ મંગાવીને તપાસી શકે. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે તા.૦૬/૧૦/૦૬ ના રોજ રણજીતસિંહ તેજાજી વાઘેલાએ તેઓ સમક્ષ અરજી કરેલ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે સદર અરજદાર રણજીતસિંહ વાઘેલાની આર.ટી.આઈ.ની અરજીનો જવાબ આપવાનો આદેશ કલેકટરશ્રીએ તેઓને કરેલ અને તેઓએ સદર અરજદારને તા.ર૧/૧૧/૦૬ ના રોજ પત્ર પાઠવેલ અને તેમા અરજદાર રણજીતસિંહ વાઘેલાનું સર્વે નં. પ૯૧ માં કોઈ હિત ન હતું. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત

કબુલ કરે છે કે મોજે ગામ નેનપુરના સર્વે નં.૫૧૩ વાળી મિલકત વેચાણ દસ્તાવેજથી કબજે થયેલ હતી અને ફેરફાર નોંધ નં.૯૦૭ થી પ્રમાણિત થયેલ હતી અને આ નોંધ મંજુર થયેલ છે અને ખાતેદારને વેચાણ થયેલ તેવો શેરો કરેલ છે જે નોંધ સર્કલ ઓફીસરશ્રી મહેમદાવાદનાઓએ મંજુર કરેલ હતી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે સને ૧૯૯૬ ની સાલમાં નોંધ પ્રમાણિત કરવાની સત્તા તલાટી કમમંત્રીની હતી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે ફરીયાદ દાખલ કરતા પહેલા રીછોલ ગામના સર્વે/બ્લોક નં.૫૯૧–અ તથા ૬૫૩ ના રેવન્યુ રેકર્ડની તેઓએ ચકાસણી કરેલ. સદર સાહેદને તે હકીકતની ખબર નથી કે સર્વે નં.૫૯૧ તથા ૬૫૩ ની ફેરફાર નોંધ નં.૫૧૭ પાડવામાં આવેલ કે કેમ અને સદર નોંધ પાડવા માટે પેઢીનામું, મરણનું પ્રમાણપત્ર વગેરે જરૂરી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ કે કેમ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે નોંધ નં.૫૧૭ ના કોઈ કાગળો તેઓએ પોલીસ ફરીયાદ સાથે રજુ કરેલ નહી.

**૩૭.** આ કામમાં **સાહેદ પ્રદ્યુમનસિંહ કેશવલાલ જાની**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે, તેઓ રીછોલ ગામે રહે છે અને ખેતીવાડી કરી પોતાનું ગુજરાન ચલાવે છે અને તેમને બે ભાઈઓ તથા બે બહેનો છે જેમા નાનાભાઈનું નામ વાસુદેવભાઈ કેશવલાલ જાની તે સુરત મુકામે રહે છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે તેમની ખેતીની જમીન રીછોલની સીમમા આવેલ છે અને તેમની પત્નીનું નામ ધર્મિષ્ઠાબેન તથા તેમના માતાનું નામ ભાનુમતીબેન હતુ જે મરણ પામેલ છે અને તેમની વડીલોપાર્જીત ખેતીની જમીનનો વહીવટ તેઓ કરે છે અને જે દસ વીઘા આવેલી છે જેનો બ્લોક

તથા સર્વે નંબર હાલ તેઓને યાદ નથી પરંતું ઢેબાવાળું ખેતરના નામથી ઓળખાય છે જે આશરે પાંચેક વીઘા છે તેમજ બીજી જમીન સવા સીમ વિસ્તારમા આવેલ છે જે સાડા ત્રણ વીઘા છે અને બીજી જમીન વાડીયાવાળું ખેતર કુભારીયા બાજુ છે જે આશરે દોઢેક વીઘા જેટલી છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે તેઓની ખેતીની જમીન તેમના બાપુજીના ગુજરી ગયા બાદ તેમના માતા ભાનુમતીબેન કેશવલાલ જાનીના નામે તથા તેમના તથા તેમના ભાઈના નામે હતી અને ૭/૧૨ ના ઉતારામા ભાનુમતીબેન કેશવલાલ જાની, પ્રદ્યુમન કેશવલાલ જાની તથા વાસુદેવ કેશવલાલ જાનીના નામો ચાલતા હતા તેઓની બંને બેનોના નામો કમી કરાવેલ હતા. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આ સીવાય બીજા કોઈના નામો ઉપરોકત ખેતીની જમીનમાં હતા કે કેમ તેની તેઓને ખબર નથી કે તેઓએ કોઈને વેચાણ પણ આપેલ નથી. સદર સાહેદ આંક–૮૭ વાળા બ્લોક સર્વે નં.૫૯૧, ૭/૧૨ નો ઉતારો બતાવવામા આવે છે જેમા ભાનુમતીબેન કેશવલાલ અંબાલાલ તથા તેમના ભાઈઓના નામ છે જેની નોંધ ૪૮૨૩ પડેલ છે જે આ કામે આંક–૮૭ અને આંક–૮૮ થી રેકર્ડ પર છે અને આ જમીન તેઓએ કોઈને વેચાણ કે ગીરો આપેલ નથી. સદર સાહેદ આરોપી નં.૨ યોગેશભાઈને ઓળખી બતાવે છે. આરોપી યોગેશભાઈને હું ઓળખુ છું જે આજરોજ નામ. કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષ ધ્વારા લેવામા આવેલ ઉલટતપાસમા સદર સાહેદ તેઓની સરતપાસની હકીકતોને વળગી રહે છે અને કોઈ વિરોધાભાસી હકીકત જણાવતા નથી. બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, આરોપી નં.૨ યોગેશભાઈ તેમના ફોઈના દીકરા થાય છે.

૩૮. આ કામમાં **સાહેદ રણજીતસિંહ તેજાજી વાઘેલા**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ તે હકીકતને સમર્થન આપે છે કે આંક–૭૮ વાળી અરજીમાં

તેઓની સહી છે જે અરજી તેઓએ તા.૦૮/૦૬/૦૬ ના રોજ મામલતદાર કચેરી મહેમદાવાદ ખાતે આર.ટી.આઈ. અંગે આરોપી નં.૨ યોગેશભાઈ જોશીનાઓ નેનપુર ગામે સારથી ફાર્મમાં ખેતી ધરાવે છે તો તેઓ કયા ગામના ખેડુત છે અને કયા ગામના ખેડુતનું સર્ટીફીકેટ રજુ કરેલ છે તે જાણવા માટે અરજી કરેલ તે સંદર્ભે તેઓને મહેમદાવાદ મામલતદાર કચેરી ખાતેથી લેખિતમા જાણ કરવામાં આવેલ. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આરોપી નં.૨ યોગેશભાઈ હરગોવનભાઈ જોશીને રીંછોલ ગામમાં ખેડુત ખાતેદાર બનેલ છે તેવુ તેઓએ જાણેલ જે બાબતે કલેકટર કચેરી નડીઆદ ખાતે અપીલ કરેલ તપાસ થયા બાદ આ કામના આરોપી નં.૨ યોગેશભાઈ તેમજ અન્ય કર્મચારીઓ વિરૂધ્ધ ફરીયાદ દાખલ થયેલ તેની તેઓને જાણ થયેલ. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આરોપી નં. ૨ યોગેશભાઈએ ખોટુ ખેડુત સર્ટીફીકેટ મેળવેલ અને આ સર્ટી તેમણે રીંછોલ ગામમાં કોઈ ખેડુત બ્રાહમણની જમીનમા પોતે વારસદાર છે તેવુ જણાવી ખોટુ ખેડુત સર્ટી મેળવેલ તેવુ જાણવા મળેલ.

બચાવપક્ષ ધ્વારા લેવામા આવેલ ઉલટતપાસમા તેઓ પોતાની સરતપાસની હકીકતોને વળગી રહે છે અને કોઈ વિરોધાભાસી હકીકત જણાવતા નથી. બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ તે હકીકત કબુલ કરે છે કે પોલીસને જે માહિતી આપેલ તેનુ તેઓને અંગત જ્ઞાન નથી અને સદર સાહેદ વધુમાં જણાવે છે કે તેઓ બનાવ સમયે આરોપી નં.૨ યોગેશભાઈને જોયેથી ઓળખતા ન હતા પરંતું નામથી ઓળખતા હતા. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે તેઓએ જે આર.ટી.આઈ.ની અરજી કરેલી તે માહિતી મેળવીને કરેલી તે અરજીમાં લખેલી વિગતોની તેઓને જાત માહિતી ન હતી અને નેનપુરના ખેડુતો હતા અને તે તેમના ગામના ઠાકોર સમાજના સંબંધીઓ થતા હતા જેથી તેમણે તેઓને વાત કરેલ જેથી તેઓએ આંક–૭૮ વાળી અરજી કરેલ. સદર સાહેદ ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે જે લોકોએ

તેઓને વાત કરેલી તેમની પાસે તેઓએ અરજી કરાવેલ નહી અને તેઓને જે ખેડુતોએ વાત કરેલી તેમના નામ આંક–૭૮ ની અરજીમાં જણાવેલ નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે તેઓને તેમની સાથે અંગત અદાવત હોવાથી આંક–૭૮ વાળી અરજી કરેલ અને તેઓને તકરારી જમીન બાબતે કશું લેવા દેવા નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે તેઓએ ખોટી અરજી કરેલ છે.

૩૯. આ કામમાં **સાહેદ કલ્પનાબેન કેશવલાલ જાની**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે તેમનું પિયર રીદ્રોલ ગામે થાય છે તેમના બાપુજીનું નામ કેશવલાલ અંબાલાલ જાની છે અને તેમના માતાનું નામ ભાનુબેન કેશવલાલ જાની છે અને તેમને બે ભાઈ તથા એક બેન છે જેમા મોટા ભાઈનું નામ પ્રદ્યુમનભાઈ કેશવલાલ જાની છે અને નાના ભાઈનું નામ વાસુદેવ કેશવલાલ જાની છે અને બેનનું નામ જાગૃતિબેન છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં તે હકીકતને સમર્થન આપે છે કે તેમના બાપુજીની ખેતીની જમીન રીદ્રોલ ગામે આવેલ છે જે જમીન તેમના મોટા ભાઈ પ્રદ્યુમન કેશવલાલ જાનીના નામે છે અને સદર જમીનમાં તેઓ બંને બહેનોએ તેમના નામ જમીનમાંથી કમી કરાવેલા અને તેમના નાના ભાઈ વાસુદેવભાઈએ સદર જમીનનો ભાગ મોટા ભાઈને વેચાણ આપી દીધેલ જેથી આ જમીન તેમના મોટાભાઈના નામે થયેલ. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે તેઓ આરોપી નં.૨ યોગેશભાઈ જોશીને ઓળખતા નથી. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે તેમના ભાઈએ સદર જમીન કોઈને વેચાણ કે ગીરો આપેલ નથી. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આ જમીન તેમના બાપુજીના મરણ બાદ તેમના ભાઈના નામે કરવામાં આવેલ હતી અને તેમના ભાઈ સીવાય બીજા

કોઈના નામ તેમા દાખલ થયેલ નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે તેમના લગ્ન બાદ તેઓ સાસરે ગયેલ ત્યારબાદ જમીનમાંથી તેમના નામ નીકળી ગયેલા. આ કામના સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે તકરારી જમીન સર્વે નં.૫૯૧ તેમના ભાઈઓના નામે છે પરંતું સદર સાહેદ આરોપીઓને ઓળખી બતાવતા નથી.

૪૦. આ કામમાં **સાહેદ વાસુદેવ કેશવલાલ જાની**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે તેઓ હાલ સુરત રહે છે અને તેમનુ મુળ વતન રીંછોલ ગામ છે અને તેઓને બે ભાઈ તથા બે બહેનો છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં તે હકીકતને સમર્થન આપે છે કે રીંછોલ ગામમાં તેઓની વડીલોપાર્જીત મિલકત હતી અને આ વડીલોપાર્જીત મિલકત જે તેમના મોટા ભાઈ પ્રદ્યુમનભાઈ સંભાળતા જેનો સર્વે નંબર તેઓને યાદ નથી. સદર સાહેદ તેઓની જુબાનીમાં તે હકીકતને સમર્થન આપે છે કે આ જમીન પહેલા તેમના પિતાજીના નામે હતી અને તેમના પિતાજી ગુજરી ગયા બાદ આ જમીનનો વહીવટ તેમના મોટા ભાઈ કરતા હતા. સદર સાહેદ આરોપી નં.૨ યોગેશભાઈ હરગોવનભાઈ જોશીને જોયેથી ઓળખે છે જે તેમના ફોઈના દીકરા થાય છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે તેમના પિતાના વારસદારોમાં તેઓ તેમના ભાઈ પ્રદ્યુમનભાઈ અને તેમના બેન કલ્પનાબેન અને જાગૃતિબેન છે આ સીવાય તેમના પિતાજીના કોઈ વારસદાર નથી.

૪૧. આ કામમાં **સાહેદ ભદ્રેશકુમાર સેવંતીલાલ શાહ**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ જણાવે છે કે કેસ પોલીસ અધિક્ષકશ્રી ખેડા–નડીઆદના પત્ર ક્રમાંકઃ એલ.સી.બી./દસ્તાવેજ/૧/૮/૦૮ તા.૧૭/૦૧/૦૮ ના પત્ર સાથે મહેમદાવાદ પો.સ્ટે.ના પત્ર જા.નં.૮૮/૦૮ તા.૧૫/૦૧/૦૮ થી રીપોર્ટ સાથે આ કેસના દસ્તાવેજો અમારી કચેરીમાં મળેલ જે અસલ પત્ર તથા

રીપોર્ટ તથા ચેકલીસ્ટ જે કુલ ૭ પાનાનું છે જે આ કામે આંક–૧૩ર થી રેકર્ડ પર છે તથા અસલ રીપોર્ટની યાદી આંક–૧૩૩ થી રેકર્ડ પર છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે ત.ક.અ. એ અભિપ્રાય માટે આરોપી નં.૧ ના સહીના નમુના તથા લખાણોના નમુના તથા કુદરતી સહીના નમુના તથા કુદરતી લખાણના નમુના તથા તકરારી દસ્તાવેજો તથા રોજમેળમા લખેલ કુદરતી લખાણ અને કુદરતી સહીના નમુના તેઓ તરફ અભિપ્રાય માટે મોકલી આપેલ.

**વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે ઉપરોકત દસ્તાવેજો તલસ્પર્શ અને વૈજ્ઞાનિક પરીક્ષણ પ્રમાણે તેઓ નીચે પ્રમાણે અભિપ્રાય ઉપર આવેલ છે. (૧) " લાલ કુંડાળાવાળા તકરારી લખાણો અને સહીઓ માર્ક–ડી/૧ અને ડી/ર, વાદળી કુંડાળાવાળા સ્ટાન્ડર્ડ લખાણો અને સહીઓ માર્ક–એસ/૧ થી એસ/૧ર અને એન/૧ થી એન/૧ર ના આરોપી નં.૧ નાએ લખેલ નથી." જે અસલ** અભિપ્રાયની કોપી આંક–૧૩પ થી રેકર્ડ પર છે જેમા તેઓની તથા એચ.એમ.ભોજાણીની સહી છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે તેઓએ પોતાનો અભિપ્રાયતા.ર૬/૦૩/૦૮ ના પત્ર સહિત પોલીસ અધિક્ષકશ્રી ખેડાને મોકલી આપેલ જેમા મારા નાયબ નિયામકશ્રીની સહી છે જ તેઓ ઓળખી બતાવે છે જે આ કામે આંક–૧૩૬ થી રેકર્ડ પર છે તથા ઉપરોકત અભિપ્રાય ઉપર આવવાના કારણો આ સાથે રજુ કરે છે જે કુલ ૩ પાનામા છે જેમા દરેક પાનામા તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક–૧૩૭ થી રેકર્ડ પર છે.

બચાવપક્ષ ધ્વારા લેવામા આવેલ ઉલટતપાસમા સદર સાહેદ જણાવે છે કે, હેન્ડ રાઈટીંગ સાયન્સ એ ડેવલોપીંગ સાયન્સ છે અને કન્કલુઝીવ સાયન્સ નથી. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા થમ્બ ઈમ્પ્રેશનનું સાયન્સ પરફેકટ છે કે કેમ તેની ખબર નથી. સદર સાહેદ

તેઓની ઉલટતપાસમા તે હકીકતનો ઈનકાર કરે છે કે તેઓએ ખોટો અભિપ્રાય આપેલ છે.

૪૨. આ કામમાં **ત.ક.અ. ભુપેન્દ્રસિંહ રણજીતસિંહ ચૌહાણ**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ જણાવે છે કે, સને ૨૦૦૮ માં તેઓ મહેમદાવાદ સીની. પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા અને તા.૨૬/૦૨/૦૮ ના રોજ અમોએ એ.એસ.આઈ. બી.એસ.વ્યાસ પાસેથી સદર ગુનાની તપાસ તેઓએ વાકેફ થઈ તપાસ સંભાળેલ અને આ તપાસના કામે રીટાયર્ડ મામલતદાર જશવંતલાલ છોટાલાલ પટેલનું નિવેદન લીધેલ તથા એફ.એસ.એલ.માંથી હેન્ડ રાઈટીગ એકસપર્ટનો અભિપ્રાય મેળવવા યાદી કરેલ અને તા.૦૮/૦૬/૦૮ ના રોજ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલ.

૪૩. આ કામમાં **ભાસ્કર સુર્યકાંતભાઈ વ્યાસ**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ જણાવે છે કે સને ૨૦૦૭–૦૮ માં તેઓ મહેમદાવાદ પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન આ ગુનાની તપાસ તેઓને ચાર્જમાં મળતા સદર તપાસ સંભાળી લીધેલ અને તેમના અગાઉના ત.ક.અ. એન.ડી. સોલંકીનાએ આ ગુનાના કામે તકરારી દસ્તાવેજો હસ્તાક્ષરના નમુના તમામ કબજે લીધેલ જે હેન્ડ રાઈટીગ એક્ષપર્ટમા મોકલવાના બાકી હોય તે નમુના તેઓએ પોલીસ અધિક્ષક મારફતે હેન્ડ રાઈટીગ એક્ષપર્ટને મોકલી આપેલ જે પોલીસ અધિક્ષકશ્રી સાહેબને તેઓએ તે નમુના ચેકલીસ્ટથી મોકલેલ તે અસલ ચેકલીસ્ટમાં તેઓની સહી તથા સીકકો જે તેઓ ઓળખી બતાવે છે જે આંક–૧૪૨ થી રેકર્ડ પર છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આ કામના ગુનાના આરોપી નં.૨ યોગેશભાઈ હરગોવનભાઈની અટક કરેલ ત્યારબાદ તેઓની બદલી થતા સદર તપાસ

બી.આર.ચૌહાણને સોપેલ. સદર સાહેદ આરોપી નં.૨ યોગેશભાઈ જોશીને જોયેથી ઓળખી બતાવે છે.

બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે તેઓએ આરોપી નં.૧ ની અટક કરેલ અને સહીના નમુના એફ.એસ.એલ.મા મોકલેલ તે સીવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.

૪૪. આ કામમાં **ત.ક.અ. નિશાંત ધનજીભાઈ સોલંકી**ની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે તેઓ સને ૨૦૦૬–૦૭ મા સીની. પી.એસ.આઈ. તરીકે મહેમદાવાદ પો.સ્ટે.મા ફરજ બજાવતા હતા ત્યારે મહેમદાવાદ પો.સ્ટે. મહેમદાવાદના મામલતદારશ્રી આર.એલ.શાહનાએ ગુનો દાખલ કરવા માટે એક લેખિત અરજી (આદેશ) આપેલ જે આંક–૮૯ થી રેકર્ડ પર છે જેમા મામલતદારશ્રી આર.એલ.શાહનાએ આપેલ ફરીયાદ સ્વરૂપે અરજી હતી જે અનુસંધાને તત્કાલિન મહેમદાવાદ પી.એસ.ઓ. હે.કો. નટવરસિંહ અમરસિંહનાએ મહેમદાવાદ પો.સ્ટે. ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮,૪૭૧,૧૧૪ વગેરે મુજબનો ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ તેઓને સોંપતા તેઓએ આ ગુનાની તપાસ સંભાળી આ ગુનાના કામે તેઓએ જે તે સમયે આરોપી રીછોલ ગામે બ્લોક નં.૫૯૧ તથા ૬૫૩ વાળી જમીનના ૭/૧૨ ના ઉતારા, હકકપત્રક, ફેરફાર નોંધ નં.૪૮૨૩ ની નકલો તથા નેનપુર ગામના હકકપત્રક ફેરફાર નોંધ નં.૯૦૭ ને લગતા કાગળો કબજે લીધેલ જે એફ.આઈ.આર. નોંધતા પહેલા મામલતદારશ્રીએ તેમની આપેલ ફરીયાદ રીપોર્ટમાં સામેલ રાખેલ હતા. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે આ ગુનાના કામે તેઓએ રીછોલ ગામના સરપંચશ્રી તથા તલાટીશ્રીની મુલાકાત લઈ પુછપરછ કરેલ તેમજ આ ગુનાના કામે મુળ અરજદાર રણજીતસિંહ તેજાજી વાઘેલા ની પુછપરછ કરી નિવેદન લીધેલ તેમજ તેઓએ મામલતદારશ્રીને રજુ

કરેલ ખોટા ખેડુત હોવાનું સર્ટી રજુ કરી જમીન રાખવા બાબતની અરજી કરેલ જે તેઓએ આ કામે કબજે લીધેલ. સદર સાહેદ આંક–૭૮ માં અરજી કરનાર અરજદાર રણજીતસિંહ વાઘેલાએ આપેલ અરજી છે જેમા તેઓ અરજદાર રણજીતસિંહ વાઘેલાની સહી ઓળખી બતાવે છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે તેઓએ લાગતા વળગતા સહેદોના નિવેદન લીધેલ અને આ કામે તત્કાલિન તલાટી કમમંત્રી આરોપી નં.૧ ડી.એસ.સોનીની અટક કરી અટક પંચનામું કરેલ જેમાં પંચોની તથા રૂબરૂમાં પોતાની સહી છે જે ઓળખી બતાવે છે. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે આરોપી નં.૧ ધર્મેન્દ્રભાઈ સોનીના હસ્તાક્ષરના નમુના પંચો રૂબરૂ પંચનામાની વિગતે તા.૨૩/૦૮/૦૭ ના રોજ મેળવેલા જે નમુનાનું પંચનામું આંક–૯૨ થી થી રેકર્ડ પર છે જેમા પંચોની તથા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે અને સદર ગુનાના કામે અમારી તપાસ દરમ્યાન આરોપી નં.૧ ડી.એસ.સોનીનાઓએ તલાટી કમમંત્રી રીછોલ તરીકે આરોપી નં.૨ યોગેશભાઈ જોશીને પોતે ખેડુત ન હોવા છતા ખેડુત હોવાનું પ્રમાણપત્ર આપેલ. વધુમાં સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે તેઓની બદલી થતા આગળની તપાસ તેઓએ પી.એસ.આઈ. શ્રી જે.પી.ચાવડાને સોંપેલ.

બચાવપક્ષ ધ્વારા લેવામા આવેલ ઉલટતપાસમા સદર સાહેદ તેઓની સરતપાસની હકીકતોને વળગી રહે છે અને કોઈ વિરોધાભાસી હકીકત જણાવતા નથી. બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા સદર સાહેદ તે હકીકત કબુલ કરે છે કે રીછોલ ગામે તલાટી કમમંત્રીશ્રી ધ્વારા રજુ થયેલ ૭/૧૨, ૮–અ, નમુના નં.૬ તથા રોજમેળના ફીઝીકલ વેરીફીકેશન કરેલ. સદર સાહેદને તે હકીકતની યાદ નથી કે ફેરફાર નોંધ નં.૫૧૭ તેઓએ જોયેલ કે કે કેમ. સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે તત્કાલિન મામલતદારશ્રી આર.એલ.શાહનાએ ફરીયાદ આપતા પહેલા કલેકટરશ્રી ખેડા નડીઆદનાઓએ ફરીયાદ દાખલ કરવા માટે અધિકાર પત્ર આપેલ જેના આધારે મામલતદારશ્રીએ ફરીયાદ દાખલ

કરેલ. વધુમાં સદર સાહેદ તેઓની ઉલટતપાસમા તે હકીકત કબુલ કરે છે કે આરોપી નં.ર યોગેશભાઈ હરગોવનભાઈ જોશીનાએ મોજે રીદ્ઘોલ તા.મહેમદાવાદ ખાતા નં.૧૯ માં સહ કબજેદારથી ધારણ કરે છે જે તલાટી કમમંત્રીશ્રી મોજે ગામ રીદ્ઘોલ તા.મહેમદાવાદ તરફથી રજુ કરેલ ગામ નમુના નં.૭/૧ર, હકકપત્રક, ૮–અ ઉપરથી ખાત્રી કરી આ દાખલો આપવામાં આવે છે જે જા.નં.૩/૧૯૯૬ મામલતદાર કચેરી મહેમદાવાદનાએ તા.૩૦/૦૧/૯૬ ના રોજ સહી સીકકાવાળું પ્રમાણપત્ર ઈસ્યુ કરેલ છે જે આ કામે આંક–૯પ અને આંક–૧૧૯ થી રેકર્ડ પર છે અને ઉપરોકત પ્રમાણપત્ર ફરીયાદ થતા પહેલાનું છે.

## ઈ.પી.કો.કલમ–૪૬પ,૪૬૭,૪૬૮,૪૭૧,૪ર૦,૧ર૦બી પુરવાર કરવા માટે આવશ્યક તત્વોની ચર્ચા

**૪પ.** હાલના કામનાં આરોપીઓ વિરુઘ્ધ ઈ.પી.કો.કલમ–૪૬પ, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબનો ગુનાનો આક્ષેપ છે. આ કામમાં ઈ.પી.કો.કલમ–૪૬પ,૪૬૭,૪૭૧ પુરવાર કરવા માટે સૌપ્રથમ ફરીયાદપક્ષે ઈ.પી.કો.કલમ–૪૬૩ પુરવાર કરવી પડે જેમા ફરીયાદપક્ષને સૌ પ્રથમ તે હકીકત પુરવાર કરવી પડે કે હાલના કામના આરોપીએ ખોટો દસ્તાવેજ બનાવેલ છે જેનાથી કોઈ વ્યકિતને હાનિ પહોચે. ફરીયાદપક્ષે ઉપરોકત કલમોને પુરવાર કરવા માટે તે હકીકત પુરવાર કરવી પડે કે ખોટો દસ્તાવેજ બનાવવાનો મુખ્ય ઉદ્દેશ ભોગ બનનાર સાથે ફ્રોડ કરવાનો હતો અથવા ભોગ બનનાર સાથે ફ્રોડ થયેલ હોવું જોઈએ. ફરીયાદપક્ષે ઈ.પી.કો.કલમ–૪૬પ પુરવાર કરવા માટે તે હકીકત પુરવાર કરવી પડે કે આરોપીએ કોઈ ખોટો દસ્તાવેજ બનાવેલ છે, દસ્તાવેજમાં ખોટી સહી કરેલ છે અથવા તે ખોટો દસ્તાવેજ Execute કરેલ છે. ફરીયાદપક્ષે તે હકીકત પણ પુરવાર કરવી પડે કે આરોપીએ સદર ખોટો

દસ્તાવેજ Dishonestly અથવા Fraudulently રીતે કરેલ હોવો જોઈએ. ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે આખો દસ્તાવેજ ખોટો છે અથવા દસ્તાવેજનો કોઈ ભાગ ખોટો છે અને તે દસ્તાવેજ Dishonestly અથવા Fraudulently રીતે કરવામાં આવેલ હોવો જોઈએ. ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે ખોટો દસ્તાવેજ કરવાનો ઉદ્દેશ કોઈ વ્યકિતને હાનિ પહોચાડવાનો હોવો જોઈએ અથવા કોઈ વ્યકિતને તેના કબજામાં આવેલી મિલકત આપે તે દસ્તાવેજનો ઉદ્દેશ હોવો જોઈએ. ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે દસ્તાવેજ ખોટો દસ્તાવેજ છે અને તે ઈ.પી.કો.કલમ–૪૬૪ માં પડે છે અને તે ખોટો દસ્તાવેજ તે આરોપી ધ્વારા બનાવવામાં આવેલ હોવો જોઈએ અને તેઓ ઉદ્દેશ ઈ.પી.કો.કલમ–૪૬૩ માં જણાવેલ હોવો જોઈએ. ઈ.પી.કો.કલમ–૪૬૮ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે સદર ખોટો દસ્તાવેજ બનાવવાનો મુખ્ય ઉદ્દેશ ભોગ બનનાર સાથે ચીટીગ કરવાનો હતો અને તે દસ્તાવેજ ખોટો દસ્તાવેજ હોવો જોઈએ (Forged Document)હોવો જોઈએ. ઈ.પી.કો.કલમ–૪૭૧ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે સદર દસ્તાવેજ (Forged Document) હતો અને આરોપી તે દસ્તાવેજનો તેવી રીતે વાપરતા હતા કે તે દસ્તાવેજ સાચો અને ખરો દસ્તાવેજ છે.

૪૬. ઈ.પી.કો.કલમ–૪૬૭ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સૌપ્રથમ ઈ.પી.કો.કલમ–૪૬૩ પુરવાર કરવી પડે. વધુમાં ઈ.પી.કો.કલમ–૪૬૭ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે દસ્તાવેજ Valuable Security અથવા Will અથવા An authority which purports to authorize any person to make or transfer any valuable

security or to receive the principle etc. ઈ.પી.કો.કલમ–૪૭૧ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે તે હકીકત પુરવાર કરવી પડે કે સદર દસ્તાવેજ (Forged Document) હતો અને આરોપી તે દસ્તાવેજનો તેવી રીતે વાપરતા હતા કે તે દસ્તાવેજ સાચો અને ખરો દસ્તાવેજ છે.

**૪૭.** હાલના કામમાં ત.ક.અ. એ આરોપી નં.૧ ના આંક–૯૫ જે ૭/૧૨ ની નકલ છે તેમા લખેલ લખાણ તથા આરોપી નં.૧ ના સહીના નમુના તથા આરોપી નં.૧ ના કુદરતી લખાણના નમુના તથા આરોપી ધ્વારા તેઓની ફરજ દરમ્યાન લખવામાં આવેલ રોકડ રોજમેળ જેમા તેઓના કુદરતી લખાણ તથા તેઓની સહી જે ઉપરોકત દસ્તાવેજો આંક–૧૩૪ અને આંક–૧૨૪ થી રેકર્ડ પર છે. એફ.એસ.એલ. ખાતે અભિપ્રાય માટે મોકલવામા આવેલ જેમા એફ.એસ.એલ. અધિકારીએ તેમના રીપોર્ટમાં અભિપ્રાય આપેલ છે કે આંક–૯૫ થી તકરારી સહી તથા તકરારી લખાણની સરખામણી આરોપી નં.૧ ના સહીના નમુના તથા કુદરતી લખાણ જે આંક–૧૩૪ થી રેકર્ડ પર છે તથા રોજમેળમાં લખેલ કુદરતી સહી તથા કુદરતી લખાણ સાથે સરખામણી કરતા આરોપી નં.૧ ના નથી અને મેચ થતા નથી જે અભિપ્રાય આંક–૧૩૫ થી રેકર્ડ પર છે અને તેના કારણો આંક–૧૩૭ થી રેકર્ડ પર છે જયારે તકરારી દસ્તાવેજમાં લખેલ લખાણ જેમા લખેલ તકરારી લખાણ તથા તકરારી સહીની સરખામણી આરોપી નં.૧ ના કુદરતી લખાણ અને કુદરતી સહી તથા આરોપી નં.૧ ના સહીના નમુના તથા આરોપી નં.૧ ના લખાણના નમુના સાથે મેચ થતી ન હોય ત્યારે તેનો લાભ આરોપીપક્ષને મળે. આમ હાલના કામમાં ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કે આંક–૯૫ ના દસ્તાવેજ ખોટો છે અને આરોપી નં.૧ નાએ તે દસ્તાવેજ ખોટી રીતે બનાવેલ છે અને ખોટો દસ્તાવેજ બનાવેલ છે. જયારે ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ જાય કે આરોપી

નં.૧ નાએ ખોટો દસ્તાવેજ બનાવેલ છે તેવા સંજોગોમાં ઈ.પી.કો.કલમ–૪૬૩ અને ઈ.પી.કો.કલમ–૪૬૪ ના આવશ્યક તત્વો પુરવાર થતા નથી. જયારે ફરીયાદપક્ષ **ઈ.પી.કો.કલમ–૪૬૩,૪૬૪** ના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય ત્યારે આરોપીઓ વિરૂઘ્ધ **ઈ.પી.કો.કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧** મુજબનો ગુનો પુરવાર થતો નથી. આમ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂઘ્ધનો **ઈ.પી.કો.કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧** મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

## ઈ.પી.કો.કલમ–૪૨૦,૧૨૦બી પુરવાર કરવા માટે આવશ્યક તત્વોની ચર્ચા

૪૮. ઈ.પી.કો.કલમ–૪૨૦ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સૌ પ્રથમ ઈ.પી.કો.કલમ–૪૧૫ અને ઈ.પી.કો.કલમ–૨૪ પુરવાર કરવી પડે. આ કામના આરોપીઓએ શરૂઆતથી યોજનાપુર્વક ફરીયાદી શ્રીસરકાર સાથે ઠગાઈ કરવાની યોજના રચી હતી. વધુમાં આ કામના તમામ આરોપીઓએ સદર ગુનામાં મીટીગ ઓફ માઈન્ડ (Meeting of Mind) શરૂઆતથી હતુ જે ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. આ કામના બં ને આરોપીઓએ શરૂઆતથી ગુનાહિત કાવતરું રચેલ હતુ અને તેવી રીતે તેઓ વર્તન કરતા હતા. વધુમાં હાલના કામના આરોપી નં.૨ નાએ પોતાને ગેરકાયદેસર લાભ લીધેલ છે અને આરોપી નં.૧ નાએ આરોપી નં.૨ ને ખોટો દાખલો મેળવવામાં મદદગારી કરેલ જે પુરવાર થાય છે. આ કામના તમામ આરોપીઓએ બદદાનતથી અને કપટપુર્વક પોતાને ગેરકાયદેસર લાભ લીધેલ છે. હાલના કામમાં દરેક આરોપીની ગુનાહિત ભુમિકા જોતા તથા રેકર્ડ પરની જુબાની તથા દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ છે કે આ

કામના તમામ આરોપીઓએ બદદાનતથી કપટપુર્વક પોતાને ગેરકાયદેસર લાભ લીધેલ છે.

## દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન સાક્ષીઓની જુબાનીના સંદર્ભમાં.

૪૯. આ કામમાં ફરીયાદી રશ્મિકાંત લાલભાઈ શાહની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ જણાવે છે કે તેઓ તરફ આર.ટી.આઈ. હેઠળ રણજીતસિંહ ટી. વાઘેલાની અરજી આવેલ જેમા જણાવેલ હતું કે આ કામના આરોપી નં.૨ બિનખેડુત હોવા છતા ખેડુત હોવાનું પ્રમાણપત્ર મેળવેલ છે જે આધારે તેઓએ તપાસ કરતા રીદ્રોલ ગામના હકકપત્રક નોંધ નં.૪૮૨૩ માં કેશવલાલ અંબાલાલ જાની તા.૨૪/૦૬/૮૦ ના રોજ ગુજરી જતા તેમના વારસદારોમાં પ્રદ્યુમન કેશવલાલ જાની, વાસુદેવ કેશવલાલ જાની, જાગૃતિબેન કેશવલાલ જાની, કલ્પનાબેન કેશવલાલ જાની અને ભાનુમતીબેન કેશવલાલ અંબાલાલની વિધવાના નામો દાખલ થયેલ જે નામો સર્વે નં.૪૯૯,૬૩/૧, ૬૩/૨,૮૦/૧,૮૦/૨,૯૮ ના સર્વે નંબરોમાં દાખલ થયેલ જે ફેરફાર નોંધ આંક–૮૮ થી રેકર્ડ પર છે. આંક–૮૮ ની ફેરફાર નોંધ નં.૪૮૨૩ ધ્યાનપુર્વક વંચાણે લેતા તેમા આરોપી નં.૨ યોગેશભાઈ હરગોવિંદભાઈ જોશીનું કોઈ નામ નથી. વધુમાં ગુજ. કેશવલાલ અંબાલાલ જાની છે તથા આરોપી નં.૨ યોગેશભાઈ હરગોવિંદભાઈ જોશી છે જેથી તે હકીકત પુરવાર થાય છે કે ગુજ. કેશવલાલ અંબાલાલ જાની તેમના પિતા ન હતા. સદર આંક–૮૮ ની ફેરફાર નોંધના આધારે સાહેદ પ્રદ્યુમન કેશવલાલ જાની અને વાસુદેવ કેશવલાલ જાની અને ભાનુમતીબેન કેશવલાલની વિધવા રેવન્યુ સર્વે નં.૫૯૧ ના ૭/૧૨ ના ઉતારા તથા રેવન્યુ સર્વે નં.૬૫૩ ના ૭/૧૨ ના ઉતારામાં દાખલ થયેલ જે આ કામે આંક–૮૭ અને આંક–૧૨૭ થી રેકર્ડ પર છે. આ કામમાં સર્વે નં.૫૯૧ ના ૭/૧૨ ના ઉતારાની નકલ આંક–૧૨૮ થી રેકર્ડ પર છે જે વંચાણે લેતા તેમા પ્રદ્યુમન કેશવલાલ જાની, વાસુદેવ કેશવલાલ જાની, ભાનુમતીબેન

કેશવલાલની વિધવાના નામો દાખલ થયેલ છે. આમ હાલના કામમાં આંક–૮૮ ની ફેરફાર નોંધના આધારે સર્વે નં.૫૯૧ અને સર્વે નં.૬૫૩ માં પ્રદ્યુમન કેશવલાલ જાની, વાસુદેવ કેશવલાલ જાની, ભાનુમતીબેન કેશવલાલની વિધવાના નામો દાખલ થયેલ છે. આ કામે આંક–૮૭, આંક–૧૨૭ અને આંક–૧૨૮ થી રજુ સર્વે નં.૫૯૧ તથા સર્વે નં.૬૫૩ માં પ્રદ્યુમન કેશવલાલ જાની, વાસુદેવ કેશવલાલ જાની, ભાનુમતીબેન કેશવલાલની વિધવાના નામો ચઢેલ છે જે ફેરફાર નોંધ નં.૪૮૨૩ ના આધારે નોંધવામાં આવેલ છે. આ કામમાં ફરીયાદપક્ષે તા.૦૧/૦૯/૮૦ ના હકકપત્રક નોંધ નં.૧ રેકર્ડ પર લાવેલ છે તથા એકત્રીકરણ દર્શાવતુ પત્રક આંક–૧૨૬ થી રેકર્ડ પર લાવેલ છે જેમા પણ ગુજ. કેશવલાલ અંબાલાલ જાનીના વારસો પ્રદ્યુમન કેશવલાલ જાની, વાસુદેવ કેશવલાલ જાની, જાગૃતિબેન, કલ્પનાબેનનું નામ દર્શાવેલ છે અને આરોપી નં.ર નુ કોઈ નામ નથી કારણ કે તેઓ તેમના વારસદાર નથી જે એકત્રીકરણની નોંધ તથા એકત્રીકરણ પત્રક આ કામે આંક–૧૨૫ અને આંક–૧૨૬ થી રેકર્ડ પર છે. હાલના કામે ફરીયાદી ધ્વારા સર્વે નં.૫૯૧ અને ૬૫૩ ના ખરા ૭/૧૨ ની નકલ આંક–૧૨૭, આંક–૧૨૮ અને આંક–૮૭ થી રેકર્ડ પર છે. આ કામે ફરીયાદીએ તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે ફેરફાર નોંધ નં.૪૮૨૩ આરોપી નં. ર નું નામ વારસદાર તરીકે ન હતુ અને આ કામના બંને આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ગુનાહિત કાવતરું રચી સર્વે નં.૫૯૧/અ ના ૭/૧૨ ના ઉતારામાં આરોપી નં.ર યોગેશભાઈ હરગોવિંદભાઈ જોશીનું નામ દાખલ કરેલ છે જે નામ દાખલ કરવા માટે ફેરફાર નોંધ નં.૪૮૨૩ નો ઉલ્લેખ કરેલ છે જયારે આ કામમાં રજુ ફેરફાર નોંધ નં.૪૮૨૩ માં આરોપી નં.ર નું નથી. સદર તકરારી દસ્તાવેજ સર્વે નં.૫૯૧/અ ના ૭/૧૨ ની નકલ આંક–૯૫ થી રેકર્ડ પર છે જેમા આરોપી નં.ર યોગેશભાઈ હરગોવિંદભાઈ જોશીનું નામ છે. આ કામમાં સર્વે નં.૫૯૧/અ ના ૭/૧૨ ના ઉતારાની હજુ એક નકલ આંક–૧૨૧

થી રેકર્ડ પર છે જેમા આરોપી નં.૨ યોગેશભાઈ હરગોવિંદભાઈ જોશીનું નામ ફેરફાર નોંધ નં.૪૮૨૩ થી આરોપી નં.૧ નાએ દાખલ થયેલ છે. આ કામમા આરોપીઓએ એકબીજાની મદદગારીથી સર્વે નં.૫૯૧/અ મા આરોપી નં.૨ નું નામ દાખલ કરી તેના આધારે મામલતદાર મહેમદાવાદ પાસેથી ખેડુત હોવાનો દાખલો લીધેલ જે તેઓએ બદદાનતથી અને કપટપુર્વક લીધેલ જે ખેડુત હોવાનો દાખલો આંક–૧૧૯ થી રેકર્ડ પર છે જે ધ્યાનપુર્વક વંચાણે લેતા તેમા આરોપી નં.૨ સર્વે નં.૫૯૧ અને ૬૫૩ માં સહ કબજેદાર છે તેવુ જણાવેલ છે જે દાખલો આરોપી નં.૧ તલાટી કમમંત્રી રીછોલ ગામના ડી.એસ.સોની તરફથી રજુ થયેલ સર્વે નં.૫૯૧ અને ૬૫૩ ના ૭/૧૨ ની નકલને આધારે આપવામા આવેલ. આમ હાલના કામના આરોપી નં.૨ નાએ આરોપી નં.૧ ને સર્વે નં.૫૯૧/અ ના ૭/૧૨ માં આરોપી નં.૨ નુ નામ દાખલ કરી તેઓને ખેડુત ખાતેદારનો દાખલો મેળવવા માટે ગુનાહિત કાવતરું રચેલ અને બદદાનતથી અને કપટપુર્વક સદર ખેડુત હોવાનો દાખલો મેળવવા મદદ કરેલ. હાલના કામના આરોપી નં.૧ નાએ આરોપી નં.૨ ને સર્વે નં.૫૯૧/અ ના ૭/૧૨ માં આરોપી નં.૨ નું નામ દાખલ કરેલ અને તે આધારે આરોપી નં.૨ નાએ બદદાનતથી અને કપટપુર્વક ખોટો ખેડુત હોવાનો દાખલો મેળવેલ જે દાખલાના આધારે સર્વે નં.૫૧૩ વાળી જમીન વેચાણ દસ્તાવેજથી ખરીદેલ જેની ફેરફાર નોંધ પાડવા માટે આરોપી નં.૨ યોગેશભાઈ હરગોવિંદભાઈ જોશીએ નેનપુરના તલાટી કમમંત્રીને વેચાણ દસ્તાવેજના આધારે અરજી આપેલ જે અરજી આંક–૧૧૮ થી રેકર્ડ પર છે જે અરજી ધ્યાનપુર્વક વંચાણે લેતા તેમા આરોપી નં.૨ ની સહી છે જે અરજીના આધારે તલાટી કમમંત્રીનાએ હકકપત્રકના ફેરફાર નોંધ નં.૯૦૭ તા.૧૭/૦૬/૯૬ ના આધારે આરોપી નં.૨ નું નામ સર્વે નં.૫૧૩ માં દાખલ કરેલ જે ફેરફાર નોંધ નં.૧૨૦ થી રેકર્ડ પર છે. આ કામના આરોપી નં.૧ જે તે સમયે તલાટી કમમંત્રી તરીકે ફરજ બજાવતા હતા અને તેઓએ આરોપી નં.૨ સાથે મળી બદદાનતથી અને કપટપુર્વક આરોપી નં.૨ ગુજ. કેશવલાલ અંબાલાલ

જાનીના વારસદાર ન હોવા છતા ફેરફાર નોંધ નં.૪૮૨૩ માં આરોપી નં.૨ નું નામ ફેરફાર નોંધ નં.૪૮૨૩ ના આધારે આરોપી નં.૨ નું નામ બદદાનત અને કપટપુર્વક સર્વે નં.૫૯૧/અ અને ૬૫૩ મા દાખલ કરેલ. આ કામે ફરીયાદીએ આરોપીઓ વિરૂઘ્ઘ ફરીયાદ આપેલ જે ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે આ કામે આંક–૮૯ થી રેકર્ડ પર છે.

**૫૦.** આ કામમાં ગુજ. કેશવલાલ અંબાલાલ જાનીના વારસદાર પ્રદ્યુમન કેશવલાલ જાનીને તપાસવામા આવેલ છે તેઓ તે હકીકતને સમર્થન આપે છે કે તેઓની વડીલોપાર્જીત ખેતીની જમીન આવેલ છે અને તેમના પિતા ગુજરી જતા સદર જમીનમાં માતા ભાનુમતીબેન કેશવલાલ જાની તથા તેમના નામે તથા તેમના ભાઈ વાસુદેવ કેશવલાલ જાનીના નામે આવેલ અને ૭/૧૨ ના ઉતારામાં ઉપરોકત ત્રણેયનું નામ હતું. વધુમાં સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે તે તેમને બે બહેનો હતા જેના નામ સર્વે નં.૬૫૩ અને ૫૯૧/અ માંથી કમી કરવામાં આવેલ. સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે આંક–૮૭ થી રજુ સર્વે નં.૫૯૧ ના ૭/૧૨ ના ઉતારામાં તેમનું તેમના ભાઈ વાસુદેવ કેશવલાલ જાની અને તેમના માતાનું નામ છે જે ફેરફાર નોંધ નં.૪૮૨૩ ના આધારે ૫ડેલ છે. સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે સદર જમીન તેઓએ કોઈને વેચાણ કે ગીરો આપેલ નથી અને તેઓ આરોપીને જોયેથી ઓળખી બતાવે છે. આમ હાલના કામના સાહેદ આંક–૮૭ થી રજુ સર્વે નં.૫૯૧ ના ૭/૧૨ ના ઉતારાની નકલ તથા હકકપત્રકમાં ફેરફાર નોંધ નં.૪૮૨૩ ને સંપુર્ણ સમર્થન આપે છે.

**૫૧.** આ કામમાં સાહેદ વાસુદેવ કેશવલાલ જાની તે હકીકતને સમર્થન આપે છે કે તેઓની રીદ્રોલ ગામે વડીલોપાર્જીત જમીન આવેલ છે જેનો વહીવટ તેમના મોટાભાઈ પ્રદ્યુમનભાઈ સંભાળતા હતા જે જમીન તેમના પિતાના નામે હતી અને તેમના પિતા ગુજરી ગયા બાદ તેમના મોટાભાઈ સદર જમીનનો વહીવટ

કરતા હતા. સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે તેઓના પિતા ગુજ. કેશવલાલ અંબાલાલ જાનીના વારસદારમાં પ્રદ્યુમનભાઈ, કલ્પનાબેન, જાગૃતિબેન અને તેઓ પોતે છે અને અન્ય કોઈ વારસદાર નથી. આ કામમાં સાહેદ કલ્પનાબેન કેશવલાલ જાની તે હકીકતને સમર્થન આપે છે કે તેઓના પિતાનું નામ અંબાલાલ કેશવલાલ જાની છે અને માતાનું નામ ભાનુમતીબેન છે, મોટાભાઈનું નામ પ્રદ્યુમનભાઈ અને નાના ભાઈનું નામ વાસુદેવભાઈ અને બેનનું નામ જાગૃતિબેન છે. સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે તેઓના પિતાની રીછોલ ગામે જમીન આવેલ છે જે જમીન પ્રદ્યુમનભાઈ કેશવલાલના નામે છે અને તેઓએ અને તેમના બેન જાગૃતિબેને સદર જમીનમાં તેમના નામ કમી કરાવેલ અને તેમના નાનાભાઈ વાસુદેવભાઈએ સદર જમીનનો ભાગ મોટા ભાઈને વેચાણ આપી દીધેલ છે. સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે તેઓના પિતા મરણ ગયેલ હોય સદર જમીન તેમના ભાઈઓના નામે કરવામાં આવેલ. સદર સાહેદ તે હકીકતને સમર્થન આપે છે કે તેઓના ભાઈએ સદર જમીન કોઈને વેચાણ કે ગીરો આપેલ નથી અને તેઓના ભાઈ સીવાય બીજા કોઈના નામે સદર જમીન દાખલ થયેલ નથી. આમ હાલના સાહેદ કલ્પનાબેન તે હકીકતને સમર્થન આપે છે કે ગુજ. કેશવલાલ અંબાલાલ જાનીના વારસદારોમાં પ્રદ્યુમનભાઈ, વાસુદેવભાઈ, જાગૃતિબેન, કલ્પનાબેન સીવાય અન્ય કોઈ વારસદાર નથી.

આ કામમાં આરોપીપક્ષ તરફે એવી કોઈ રજુઆત નથી કે બનાવ સમયે આરોપી નં.૧ તલાટી કમમંત્રી તરીકે ફરજ બજાવતા ન હતા. વધુમાં આરોપી નં.૨ નાએ જે ખેડુત અંગેનો દાખલો બદદાનતથી અને કપટપુર્વક સરકાર પાસેથી મેળવેલ છે તે દાખલો તેઓએ મેળવેલ નથી અને તે અંગે તેઓએ સરકારમાં કે મામલતદાર કચેરી મહેમદાવાદમાં કોઈ અરજી કરેલ નથી તેવી કોઈ રજુઆત આરોપી તરફે રજુઆત નથી. આ કામમાં આરોપીઓ તરફે એવો કોઈ દસ્તાવેજી પુરાવો નથી કે આરોપી નં.૨

ગુજ. કેશવલાલ અંબાલાલ જાનીના વારસદાર હતા. આ કામના આરોપી નં.ર નાઓ ગુજ. કેશવલાલ અંબાલાલ જાનીના પુત્ર હતા કે કેમ તેવી કોઈ હકીકત પુરવાર કરવા આરોપીપક્ષ કોઈ પુરાવો રેકર્ડ પર લાવેલ નથી. આ કામમાં આરોપી નં.ર નાએ પ્રદ્યુમન કેશવલાલ જાની અને ભાનુમતીબેન કેશવલાલ જાની સામે મહેમદાવાદ સીવીલ કોર્ટમાં રે.દિ.મુ.નં.૫૭/૦૭ દાખલ કરેલ છે જેમા તેઓ કેશવલાલ અંબાલાલ જાનીના પુત્ર હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી અને પુરવાર થતી નથી. આમ આરોપીપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ રે.દિ.મુ.નં.૫૭/૦૭ નું હુકમનામું આરોપીપક્ષને મદદરૂપ થતું નથી. આ કામના આરોપી નં.ર ના વિ.વ.શ્રીએ આર.ટી.એસ. અપીલ નં.૧૯૫/૨૦૨૨ માં થયેલ હુકમ રજુ કરેલ છે તે પણ તેઓને મદદરૂપ થતો નથી. આ કામના સાહેદ રણજીતસિંહ તેજાજી વાઘેલા તે હકીકતને સમર્થન આપે છે કે તેઓએ આરોપી નં.ર સામે અરજી કરેલ જે તા.૦૮/૦૬/૦૬ ના રોજ મહેમદાવાદ કચેરી ખાતે આર.ટી.આઈ. હેઠળ અરજી કરેલ જેમા તેઓએ આરોપી નં.ર ના ખેડુત સર્ટીફીકેટ અંગે તપાસ કરવા રજુઆત કરેલ. આ કામમાં પંચ દિનેશભાઈ છોટાલાલ બારોટ તે હકીકતને સમર્થન આપે છે કે ત.ક.અ. એ સર્વે નં.૫૯૧/અ ના ૭/૧૨ ની નકલ તેઓ રૂબરૂ કબજે કરેલ જે સર્વે નં.૫૯૧/અ નો ૭/૧૨ નો ઉતારો આંક–૯૫ થી રેકર્ડ પર છે અને પંચનામું આંક–૯૪ થી રેકર્ડ પર છે. આ કામમાં સર્વે નં.૫૯૧/અ ના ૭/૧૨ ના પંચનામામાં બીજા પંચ તરીકે ગોવિંદભાઈ વશરામભાઈ રબારીને તપાસવામાં આવેલ નથી જેથી સર્વે નં.૫૯૧/અ ના ૭/૧૨ ના ઉતારાનું પંચનામું પુરવાર થાય છે. આ કામમાં ત.ક.અ. ભુપેન્દ્રસિંહ ચૌહાણ તથા ત.ક.અ. ભાસ્કર સુર્યકાંતભાઈ વ્યાસ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે. આ કામના ત.ક.અ. નિશાંત ધનજીભાઈ સોલંકી ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે અને સ્પષ્ટપણે જણાવે છે કે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ અને પંચનામા કરેલ અને આરોપી નં.૧ ની અટક કરેલ. **આ**

**<u>કામમાં આરોપી પક્ષ ધ્વારા દલીલ કરવામા આવેલ છે કે ફેરફાર નોંધ નં.૫૧૭ ના આધારે આરોપી નં.ર નું નામ સર્વે નં.૫૯૧/અ મા દાખલ કરવામાં આવેલ છે જે પુરવાર કરવા માટે આરોપીપક્ષે ફેરફાર નોંધ નં.૫૧૭ રેકર્ડ પર લાવેલ નથી જેથી આરોપીપક્ષની આ દલીલ ટકવાપાત્ર નથી.</u>**

આમ હાલના કામના બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી આરોપી નં.૧ તલાટી કમમંત્રી તરીકે આરોપી નં.ર નું નામ સર્વે નં.૫૯૧/અ માં કપટપુર્વક અને બદદાનતથી દાખલ કરેલ છે જે આધારે આરોપી નં.ર નાએ મામલતદાર કચેરી મહેમદાવાદમાંથી જાન્યુઆરી ૧૯૯૬ માં ખેડુત હોવાનો ખોટો દાખલો મેળવેલ જે ખોટા દાખલાના આધારે આરોપી નં.ર નાએ સર્વે નં.૫૧૩ વાળી જમીન વેચાણ દસ્તાવેજથી ખરીદેલ જેની નોંધ પાડવા માટે આરોપી નં.ર નાએ તલાટી કમમંત્રી નેનપુરને અરજી કરેલ જેમા તેઓની સહી છે. વધુમાં તલાટી કમમંત્રી નેનપુરનાઓએ આરોપી નં.ર ને વેચાણ દસ્તાવેજથી સર્વે નં.૫૧૩ ખરીદેલ હોવાની અરજીના આધારે ફેરફાર નોંધ નં.૯૦૭ થી આરોપી નં.ર નું નામ સર્વે નં.૫૧૩ મા દાખલ કરેલ. આમ ફરીયાદપક્ષ હાલના કામના આરોપીઓ વિરૂઘ્ઘ **ઈ.પી.કો.કલમ–૪ર૦, ૧ર૦ બી** મુજબનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ છે.

**પર.** આ કામમાં નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **Roop Narayan Meena S/o Harnarayan Meena v/s Central Bureau Of Investigation Reported in 2025 (0) AIJEL-HC 251216 માં** નામ. ગુજરાત હાઈકોર્ટે પેરા નં.૬૩ અને પેરા નં.૧૦૩ માં ઠરાવેલ છે કે,

**"63. According to the prosecution, the original accused no.3 Ankit Changani, in connivance with the present appellants- accused nos.1 and 2, hatched a criminal conspiracy, and in furtherance**

to their common object, he dishonestly and fraudulently submitted false export documents, which were improperly and illegally endorsed by the present appellants- accused nos.1 and 2, disregarding the rules and regulations, thereby showing undue favour to M/s.Amardeep Exports and causing wrongful loss to the Government and the Public Exchequer to the tune of Rs.23,30,270=00 and corresponding wrongful gain to M/s.Amardeep Exports, Jamnagar."

"103. In the instant case, as discussed herein above in details, the evidence clearly establishes that both the appellants-accused had joined hands with the accused no.3, who hatched the criminal conspiracy to cheat and deceive the Government and the Pubic Exchequer by taking disadvantage of the loophole in the system and by exporting the goods other than the one declared in the export documents, and they both had actively participated in the offence by intentional omission and intention act, thereby facilitating the accused no.3 in committing the entire offence. Therefore, the argument advanced by learned advocate Mr.Trivedi that since there is no evidence on record to suggest that both the appellants-accused have been benefited, no offence under Section 420 read with Section 120B of the Indian Penal Code can be said to have been

**committed by the appellants-accused, would be of no avail to them since from the conjoin reading of Sections 415 and 23 of the Indian Penal Code, it clearly appears that the trial court has rightly convicted both the appellants-accused for the offence under Section 420 read with Section 120B of the Indian Penal Code. It is pertinent to note that there cannot be a direct evidence regarding the illegal monetary benefit."**

**૫૩.** આ કામમાં નામ. સુપ્રીમકોર્ટનો ચુકાદો **Tulsi Ram Versus State Of Uttar Pradesh Reported in 1962 (0) AIJEL-SC 32170 માં** પેરા નં.૧૭ માં ઠરાવેલ છે કે,

**"17. But, in an offence u/s. 420, Indian Penal Code a pecuniary question necessarily arises. The first part of sec. 464, Indian Penal Code provides that a person is said to make a false document who dishonestly or fraudulently makes signs etc., a document with a particular intention and covers cases both of acts which are dishonest and acts which are fraudulent. Where no pecuniary question arises the element of dishonesty need not be established and it would be sufficient to establish that the act was fraudulent and, therefore, it may be, as the learned judge has held, that where an act is fraudulent the intention to cause injury to the person defrauded must be established. But where the allegation is**

that a person has dishonestly induced another to part with property something different has to be considered and that is whether he has-thereby caused a wrongful loss to the person who parted with property or has made a wrongful gain to himself. These are the two facets of the definition of dishonesty and it is enough to establish the existence of one of them. The law does not require that both should be established. The decision relied upon by learned counsel is, therefore, distinguishable. Learned counsel then referred to the dissenting Judgement of Subrahmania Ayyar, J., in Kotamraju Venkatarayudu V/s. Emperor to the effect that in regard to offences failing u/s. 465 and 461 it must be established that the deception involved some loss or risk of loss to the individual and to the public and that it was not enough to show that the deception was intended to secure advantage to the deceived. This decision as well as some other decisions referred to by learned counsel are therefore distinguishable for the same reason which distinguishes Sanjiv Ratanappa Ronads case from the one before us. We are, therefore of the view, that the offence of cheating has been established."

આમ ઉપરોકત નામ. સુપ્રીમકોર્ટના તથા નામ. ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદો સદર કેસમાં લાગુ પડે છે. આમ હાલના કામના તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદી સાથે ઠગાઈ કરેલ છે.

**–: હુ ક મ :–**

**(૧)** આ કામનાં આરોપી **(૧) ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની**, રહે.મહેમદાવાદ, તા.ખેડા, **(ર) યોગેશભાઈ હરગોવિંદભાઈ જોષી**, રહે. ૭૯ અંબિકા એપાર્ટમેન્ટ, ઈસનપુર, અમદાવાદનાઓને **ઈ.પી.કો.કલમ–૪ર૦** ના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**(ર)** આ કામનાં આરોપી **(૧) ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની**, રહે.મહેમદાવાદ, તા.ખેડા, **(ર) યોગેશભાઈ હરગોવિંદભાઈ જોષી**, રહે. ૭૯ અંબિકા એપાર્ટમેન્ટ, ઈસનપુર, અમદાવાદનાઓને **ઈ.પી.કો કલમ–૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧** મુજબના ગુનામાં પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** સજા માટે સાંભળવા ચુકાદો મુલતવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૭/ ૦૩/ર૦ર૬**
**સ્થળ. ખેડા.**

**(નિખિલ ચંદ્રસેન જાધવ)**
**એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ.**
**ખેડા**
**(જી.જે.૦૧ર૧૫)**

**–:: આખરી હુકમ ::–**

(૧) ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રીનાઓએ દલીલ કરેલ છે કે, હાલના કામનાં આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ખોટા ૭/૧૨ બનાવેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામમાં આરોપી નં.૧ તલાટી કમમંત્રી હોવા છતા આરોપી નં.૨ ને રીંછોલ ગામે આવેલ બ્લોક નં.૫૯૧ /અ વાળી જમીનમાં માલિક અને કબજેદાર ન હોવા છતા માલિક અને કબજેદાર બતાવેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, બંને આરોપીઓએ ખોટા ૭/૧૨ ના ઉતારાનો ખરા તરીકે ઉપયોગ કરેલ છે અને ખોટા ૭/૧૨ ના ઉતારા મામલતદાર કચેરી મહેમદાવાદમાં રજુ કરી ખોટું ખેડુત પ્રમાણપત્ર આરોપી નં.૨ નાએ મેળવેલ જે ખોટા ખેડુત પ્રમાણપત્ર આધારે તેઓએ નેનપુર ગામે ખેતીની જમીન બ્લોક નં.૫૧૩ ખરીદેલ અને હકકપત્રકમાં નોંધ નં.૯૦૭ થી પોતાનું નામ દાખલ કરેલ. વધુમાં એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામના આરોપીઓએ શરૂઆતથી યોજનાપુર્વક ફરીયાદી શ્રી સરકાર સાથે ઠગાઈ કરેલ છે જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ છે. આ કામમાં દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. આ કામના સરકારી વ.શ્રીએ દલીલ કરેલ છે કે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૪૨૦ મુજબનો ગુનો પુરવાર કરવામા સફળ થયેલ છે જેથી આરોપીઓને પ્રોબેશનનો લાભ ન આપવા દલીલ કરેલ છે. વધુમા એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે તેઓનો કેસ પુરવાર કરેલ છે જેથી આરોપીઓને સમાજમાં દાખલો બેસે તેનાં માટે પુરેપુરી સજા કરવા દલીલ કરેલ છે.

(૨) આરોપીઓ તથા તેમના વકીલશ્રીની હાજરીમાં ચુકાદો વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે તથા સજાનાં પ્રશ્ન અંગે સાંભળવામાં આવેલ

છે. આરોપીઓ તરફે વિ.વ.શ્રી રજુઆત છે કે, આરોપીઓ ગરીબવર્ગના ઈસમ છે તેમજ તેઓના કુટુંબની ભરણપોષણની તમામ જવાબદારી તેઓના શીરે છે. આરોપીઓના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આરોપીઓનો આ પ્રથમ ગુનો છે અગાઉ કોઈ ગુનામાં સંડોવાયેલ નથી ફરીયાદી કે આજુબાજુવાળા સાથે કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી જેથી તેઓને પ્રોબેશનનો લાભ આપવા અરજ કરી છે.

(૩) હાલના કેસની હકીકત, સંજોગો, રેકર્ડ ઉપરના પુરાવો ઘ્યાને લેતા ઈ.પી.કો કલમ–૪ર૦ માં સજાની જોગવાઈ ૭ વર્ષની કેદ અને દંડ બંને પ્રકારની સજાની જોગવાઈ છે. સજા ફરમાવતી વખતે કોર્ટે તે હકીકતને સંપુર્ણ પણે ઘ્યાન રાખવું જોઈએ કે, સરકારશ્રી સાથે થયેલ છેતરપિંડી, ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ, આરોપીઓની ઉંમર, આરોપીઓની વર્તણુંક, આરોપીઓએ કરેલ કૃત્ય, આરોપીઓનો કોઈ ગુનાહિત ઈતિહાસ છે કે કેમ આ તમામ પાસાઓ ઘ્યાને લેવા જોઈએ.

(૪) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૦ તથા કલમ–૩૬૧ વંચાણે લેતા આ કોર્ટ એ તારણ ઉપર આવે છે કે, આ કામનાં આરોપીઓ પુખ્તવયના છે અને આરોપી નં.૧ નાઓ સરકારી કર્મચારી છે તેમ છતા ખોટા ૭/૧ર બનાવેલ છે અને આરોપી નં.ર નાએ ખોટું ખેડુત પ્રમાણપત્ર મેળવેલ છે. વધુમાં આરોપીઓએ સાથે મળી સદર કાવતરું કપટપુર્વક રચેલ જેમા તેઓએ સરકારશ્રીને ગેરકાયદેસર નુકસાન પહોચાડેલ છે અને પોતાને ગેરકાયદેસર લાભ લીધેલ છે. હાલના કામમાં આરોપીઓને જો પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર પડે અને આરોપીઓને કાયદાનો ભય ન રહે જેથી ભવિષ્યમાં આવા પ્રકારના ગુના વધવાની શકયતા નકારી શકાય નહી.

વધુમાં હાલના સંજોગોમાં આવા પ્રકારના બનાવો સમાજમાં દિન પ્રતિદિન જોવા મળે છે જેથી સમાજમાં દાખલો બેસે અને આરોપીઓ ફરી આવા પ્રકારનો ગુનો ન કરે અને સમાજમાં શાંતિ જળવાઈ રહે તે હેતું ધ્યાને રાખી હાલના કામનાં આરોપીઓને પ્રોબેશનનો લાભ આપવો ન્યાયોચિત જણાતું નથી.

**(૫)** બંને પક્ષોની દલીલો, કેસની હકીકતો, સંજોગો, સરકારશ્રી સાથે થયેલ ઠગાઈ, આરોપીઓની ઉંમર, આ તમામ પાસાઓ ધ્યાને લેતાં હાલના કામનાં આરોપીઓને પુરેપુરી સજા ન કરતાં નીચે મુજબની સજા કરવી ન્યાયોચિત જણાય છે. હાલના કામના આરોપીઓ ઉપર ઈ.પી.કો કલમ–૪૨૦ નો ગુનો પુરવાર થયેલ છે તેની સજાની જોગવાઈ જોતા કાયદામાં જણાવેલ મહત્તમ સજા ન કરતા નીચે મુજબની સજા કરવી ન્યાયોચિત જણાય છે.

**–: હુકમ :–**

**(૧)** આ કામનાં આરોપી **(૧) ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની**, રહે. મહેમદાવાદ, આસુતોષ સોસાયટી, હાલ રહે. મકાન નં.૨૪૭/અંબિકા કોમ્પ્લેક્ષ, તા.જી.ખેડા, **(૨) યોગેશભાઈ હરગોવિંદભાઈ જોષી,** રહે. ૭૯ અંબિકા ટેનામેન્ટ, ઈસનપુર, અમદાવાદનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨) અન્વયે **ઈ.પી.કો.કલમ–૪૨૦ ના** ગુનામાં **૫ વર્ષ**ની સાદી કેદની સજા અને દરેક આરોપીએ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામનાં આરોપી **(૧) ધર્મેન્દ્રકુમાર સુરેશભાઈ સોની,** રહે. મહેમદાવાદ, આસુતોષ સોસાયટી, હાલ રહે. મકાન નં.૨૪૭ અંબિકા કોમ્પ્લેક્ષ, તા.જી.ખેડા, **(૨) યોગેશભાઈ હરગોવિંદભાઈ જોષી,** રહે. ૭૯ અંબિકા ટેનામેન્ટ, ઈસનપુર, અમદાવાદનાઓને ક્રિ.પ્રો.કોડની

કલમ–૨૪૮(૧) અન્વયે **ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮,૪૭૧ ના** ગુનામાં પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના કામના આરોપીઓ જો દંડ ન ભરે તો તેઓને વધુ ૧૦ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીઓએ તમામ સજા એકસાથે ભોગવવાની રહેશે. આ કામના આરોપીઓએ સદર ગુનામાં અગાઉ કોઈ સજા ભોગવેલ હોય તો તેઓને તે મજરે આપવી.

(૫) હાલના કામનાં આરોપીઓને **ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૩(૧)** હેઠળ ચુકાદાની નકલ વિના મુલ્યે પુરી પાડવી.

(૬) આરોપીઓનું સી.આર.પી.સી.કલમ–૪૧૮ મુજબ વોરન્ટ ભરવું.

(૭) આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ.૪૩૭(અ) અંગે રૂા.૧૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૭/૦૩/૨૦૨૬**
**સ્થળ. ખેડા.**

**(નિખિલ ચંદ્રસેન જાધવ)**
**એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ.**
**ખેડા**
**(જી.જે.૦૧૨૧૫)**